dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 138 | AD - 2026, Fagan Sud - 06 | Monday, Dt. 23-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**મન કી બાતમાં પીએમ મોદીએ વિદ્યાર્થીઓ, ખેડૂતો અને સામાન્ય નાગરિકો માટે સુરક્ષા અને જાગૃતિના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી**

# દેશને આત્મનિર્ભર બનાવવા ‘વોકલ ફોર લોકલ’ પર ભાર મુકતા પીએમ મોદી

**સ્વદેશી વસ્તુઓ ખરીદીને દેશના નાના કારીગરોને ટેકો આપવા અપીલ**

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં દેશવાસીઓને સંબોધિત કરતા આગામી તહેવારોની શુભેચ્છાઓ પાઠવી હતી અને દેશને આત્મનિર્ભર બનાવવા માટે ‘વોકલ ફોર લોકલ’ના મંત્ર પર ભાર મૂક્યો હતો. આ સાથે જ તેમણે વિદ્યાર્થીઓ, ખેડૂતો અને સામાન્ય નાગરિકો માટે સુરક્ષા અને જાગૃતિના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે હોળી અને અન્ય આગામી તહેવારો દરમિયાન બજાર વિદેશી વસ્તુઓથી ભરાયેલા હોય છે. તેમણે નાગરિકોને વિનંતી કરી કે તહેવારોની ઉજવણીમાં વિદેશી ઉત્પાદનોને બદલે સ્થાનિક અને સ્વદેશી ચીજવસ્તુઓનો આગ્રહ રાખવો જોઈએ. પીએમ મોદીએ નોંધ્યું કે, ‘જ્યારે આપણે સ્વદેશી વસ્તુઓ ખરીદીએ છીએ, ત્યારે આપણે માત્ર ઉત્સવ નથી ઉજવતા, પરંતુ દેશના નાના કારીગરોને ટેકો આપીને ‘આત્મનિર્ભર ભારત‘ના અભિયાનને મજબૂત બનાવીએ છીએ.’ તેમણે રમઝાનના પવિત્ર માસ અને આગામી હોળીના પર્વ નિમિત્તે સૌને પ્રેમ અને સંવાદિતાથી રહેવા અપીલ કરી હતી. પરીક્ષાના માહોલ વચ્ચે વડાપ્રધાને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા કહ્યું કે, પરીક્ષા દરમિયાન મનમાં શંકા કે ડર લાગવો એ સ્વાભાવિક પ્રક્રિયા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કોઈ પણ વિદ્યાર્થીનું મૂલ્ય માત્ર તેની માર્કશીટ દ્વારા નક્કી કરી શકાતું નથી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા તેમણે કહ્યું કે, ‘તમે જે અભ્યાસ કર્યો છે તેના પર વિશ્વાસ રાખો. મુશ્કેલ પ્રશ્નોથી ગભરાવાને બદલે આત્મવિશ્વાસ સાથે પેપર લખો.’ તેમણે વાલીઓને



પણ અપીલ કરી કે બાળકો પર બિનજરૂરી દબાણ ન લાવવું જોઈએ. વડાપ્રધાને તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અમ્મા જયલલિતાને યાદ કરતા તેમને એક લોકપ્રિય અને પ્રભાવશાળી નેતા ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે મહિલા સશક્તિકરણ માટે અમ્માએ લીધેલા પગલાં આજે પણ પ્રેરણારૂપ છે. આ ઉપરાંત, તેમણે કેરળની સદીઓ જૂની ‘મામંગમ’ પરંપરાનો ઉલ્લેખ કર્યો. ભરતપ્પુઝા નદીના કિનારે ઉજવાતો આ ઉત્સવ ભારતની સાંસ્કૃતિક વિરાસતનું પ્રતીક છે. પીએમએ કહ્યું કે નદીઓ ભલે અલગ હોય, પરંતુ મહાકુંભ હોય કે કેરળ કુંભ, ભારતની શ્રદ્ધાનો પ્રવાહ એક જ છે. ગ્રામીણ ભારતની પ્રગતિ વિશે વાત કરતા પીએમ મોદીએ ઓડિશાના યુવાન ખેડૂત હીરોદ પટેલની સફળતાની વાર્તા શેર કરી. હીરોદ પટેલે પરંપરાગત ડાંગરની ખેતી છોડીને ‘મલ્ટી લેયર ફાર્મિંગ’ (બહુસ્તરીય ખેતી) અપનાવી છે. તેમણે પોતાના તળાવ પર જાળી બનાવી શાકભાજી ઉગાડ્યા અને તળાવમાં માછલી ઉછેર શરૂ કર્યો. આજે તેઓ એક જ જમીન પરથી ડાંગર, શાકભાજી, ફળ અને માછલીનું ઉત્પાદન મેળવી રહ્યા છે, જેનાથી તેમની આવકમાં મોટો વધારો થયો છે. વર્તમાન ડિજિટલ યુગમાં વધી રહેલી છેતરપિંડી અંગે વડાપ્રધાને દેશવાસીઓને ચેતવ્યા હતા. તેમણે સ્પષ્ટતા કરી કે બેંક દ્વારા મોકલવામાં આવતા KYC અપડેટના મેસેજ ગ્રાહકોની સુરક્ષા માટે હોય છે, તેથી તેનાથી ગભરાવાની જરૂર નથી. જોકે, તેમણે એમ પણ કહ્યું કે કોઈ અજાણી વ્યક્તિ ફોન પર અધિકારી હોવાનો દાવો કરીને વિગતો માંગે તો સાવધ રહેવું જોઈએ. વરિષ્ઠ નાગરિકો અને સામાન્ય લોકોની મહેનતની કમાણી બચાવવા માટે સતર્કતા જ એકમાત્ર ઉપાય છે. રમતગમત વિશે વાત કરતા પીએમએ કહ્યું, ‘જે રમે છે, તે ખીલે છે.’ તેમણે T20 વર્લ્ડ કપમાં રમી રહેલા ભારતીય મૂળના ખેલાડીઓનો ઉલ્લેખ કરી ગર્વ વ્યક્ત કર્યો. અંતમાં, તેમણે કેરળની ૧૦ મહિનાની બાળકી આલિન શેરીન અબ્રાહમના કિસ્સાનો ઉલ્લેખ કરી સૌને ભાવુક કરી દીધા હતા. નાની ઉંમરે અવસાન પામેલી આલિનના માતા-પિતાએ અંગદાનનો જે ઉમદા નિર્ણય લીધો, તેને વડાપ્રધાને માનવતાનું સર્વોચ્ચ ઉદાહરણ ગણાવ્યું અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# સ્વામી અવિમુક્તેશ્વરાનંદની મુશ્કેલીમાં વધારો : બે સગીરોના જાતીય શોષણના આરોપસર પોક્સો એક્ટ હેઠળ FIR દાખલ

લખનૌ, તા.૨૨

જ્યોતિર્મઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરુદ્ધ ગંભીર આરોપો હેઠળ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પ્રયાગરાજના ઝુનસી પોલીસ સ્ટેશનમાં પોક્સો (POCSO) કોર્ટના આદેશ બાદ તેમની વિરુદ્ધ બે સગીરોનું જાતીય શોષણ કરવા બદલ એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. પોલીસે આ મામલે પોક્સો એક્ટની કલમ ૫ અને ૬ સહિતની વિવિધ કડક કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. તુલસી પીઠાધીશ્વર સ્વામી રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ બ્રહ્મચારીએ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પર જાતીય શોષણના ગંભીર આરોપો લગાવ્યા હતા. આ મામલે બે કથિત સગીર પીડિતો વતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી.



શરૂઆતમાં ૨૮ જાન્યુઆરીના રોજ ફરિયાદ નોંધવામાં ન આવતા, આખરે જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. એડીજે (ADJ) પોક્સો સ્પેશિયલ કોર્ટે ૨૧ ફેબ્રુઆરીના રોજ આ અરજી મંજૂર કરીને તાત્કાલિક એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, કોર્ટના આદેશનું પાલન કરીને તપાસ તેજ કરવામાં આવી છે. આ કેસ આધ્યાત્મિક જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે, અને હવે પોલીસ આ મામલાની ઊંડી તપાસ કરી રહી છે.

# ચૂંટણી પંચની મોટી કાર્યવાહી: ૯ રાજ્યોમાંથી ૧.૭ કરોડ મતદારોના નામ કમી, ગુજરાતમાં સૌથી વધુ ઘટાડો

નવી દિલ્હી, તા.૨૨

ભારતના ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા ખાસ સઘન સુધારણા અભિયાન (SSR) હેઠળ મતદાર યાદીમાં મોટો ફેરફાર નોંધાયો છે. સત્તાવાર આંકડા મુજબ, દેશના ૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૧૭ મિલિયન (૧.૭ કરોડ) થી વધુ મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. ગયા વર્ષે ૨૭ ઓક્ટોબરે આ રાજ્યોમાં કુલ ૨૧૪.૫ મિલિયન નોંધાયેલા મતદારો હતા, જે હવે ઘટીને ૧૯૭.૫ મિલિયન થઈ ગયા છે. આ યાદીમાં ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, કેરળ, ગોવા, પુડુચેરી, લક્ષદ્વીપ અને આંદામાન-નિકોબારનો સમાવેશ થાય છે. આ અભિયાન હેઠળ સૌથી વધુ અસર ગુજરાતમાં જોવા મળી છે. રાજ્યમાં કુલ ૬૮,૧૨,૭૧૧ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે, જેના કારણે



મતદારોની સંખ્યા ૫.૦૮ કરોડથી ઘટીને ૪.૪૦ કરોડ થઈ ગઈ છે. મધ્યપ્રદેશમાં ૩૪.૨૫ લાખ અને રાજસ્થાનમાં ૩૧.૩૬ લાખ મતદારો દૂર કરાયા છે. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ઘટાડો ડુપ્લિકેટ, મૃત્યુ પામેલા અથવા સ્થળાંતર કરી ગયેલા અયોગ્ય મતદારોને દૂર કરવાને કારણે થયો છે. હાલમાં ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ સહિતના અન્ય ૧૨ રાજ્યોમાં આ પ્રક્રિયા ચાલુ છે, જેનો ડેટા આ મહિનાના અંત સુધીમાં જાહેર થશે. પંચે સ્પષ્ટતા કરી છે કે પાત્ર નાગરિકો હજુ પણ નામ ઉમેરવા માટે અરજી કરી શકે છે.

# દિલ્હી પોલીસે તમિલનાડુ, બંગાળમાંથી ૮ શંકાસ્પદ આતંકવાદીઓની કરી ધરપકડ

ન્યુ દિલ્હી,તા.૨૨

તાજેતરમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે એક મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કરતા દેશના વિવિધ ભાગોમાંથી ૮ શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરી છે. રવિવારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં ૬ શંકાસ્પદોની તમિલનાડુથી અને બેની પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરવામાં આવી છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ શંકાસ્પદો પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI અને બાંગ્લાદેશી આતંકવાદી સંગઠનોના સંપર્કમાં હતા. તેઓ ભારતમાં મોટા



પાયે આતંકવાદી હુમલાઓ કરવાનું કાવતરું ઘડી રહ્યા હોવાની આશંકા છે. પકડાયેલા લોકોમાં એક બાંગ્લાદેશી નાગરિકનો પણ સમાવેશ થાય છે. પોલીસને તેમની પાસેથી ૧૨થી વધુ મોબાઈલ ફોન અને ૧૬ સિમ કાર્ડ મળી આવ્યા છે, જેનો ઉપયોગ ગુપ્ત વાતચીત માટે થતો હતો.તમિલનાડુના તિરુપુર જિલ્લામાં આ શંકાસ્પદો નકલી આધાર કાર્ડ બનાવીને પોતાની ઓળખ છુપાવી રહ્યા હતા. તેઓ ત્યાંની ગારમેન્ટ ફેક્ટરીઓમાં મજૂર તરીકે કામ કરતા હતા જેથી કોઈને શંકા ન જાય. પોલીસના જણાવ્યા અનુસાર, ૩ આરોપીઓને ઉથુકુલી, ૩ને પલ્લાડમ અને એકને તિરુમુરુગનપોંડી વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. આ શંકાસ્પદો માત્ર સંપર્કમાં જ નહોતા, પરંતુ સોશિયલ મીડિયા પર પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠનોના સમર્થનમાં પોસ્ટ પણ કરતા હતા. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે તેઓએ ભારતના ઘણા મુખ્ય શહેરોની રેકી (નિરીક્ષણ) કરી હતી. આ ઉપરાંત, દિલ્હીમાં ‘ફ્રી કાશ્મીર’ના પોસ્ટરો લગાવવામાં પણ તેમની સંડોવણી હોવાનું મનાય છે.કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ અગાઉ જ દેશના મુખ્ય ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો પર હુમલાની ચેતવણી આપી હતી. આ ધરપકડ બાદ દિલ્હીમાં લાલ કિલ્લા અને ચાંદની ચોક જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષામાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. હાલ તમામ આરોપીઓને ટ્રેન મારફતે દિલ્હી લાવવામાં આવી રહ્યા છે, જ્યાં તેમની સઘન પૂછપરછ કરવામાં આવશે.

**પકડાયેલા આંતકવાદીઓના નામ :**

મિઝાનુર રહેમાન,મોહમ્મદ શબાત, ઓમર,મોહમ્મદ લિટન,મોહમ્મદ શાહિદ, મોહમ્મદ ઉજ્જલ


# થાણેના બદલાપુર વિસ્તારમાંથી એગ-ડોનેશન રેકેટનો ભંડાફોડ : ત્રણ મહિલાઓની ધરપકડ

થાણે,તા.૨૨

થાણે જિલ્લાના બદલાપુર ઈસ્ટ વિસ્તારમાં પોલીસે મોટા એગ-ડોનેશન રેકેટનો ભંડાફોડ કર્યો છે. આ ગેરકાયદે પ્રવૃત્તિ એક રહેણાંક એપાર્ટમેન્ટ અને સોનોગ્રાફી સેન્ટરમાંથી ચલાવવામાં આવતી હતી. પોલીસે સુલક્ષણા ગાડેકર, અશ્વિની ચાબુકસ્વાર અને મંજુષા વાનખેડે નામની ત્રણ મહિલાઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસ મુજબ, આરોપીઓ ગરીબ અને



જરૂરિયાતમંદ મહિલાઓને પૈસાની લાલચ આપીને વારંવાર તેમના અંડાણુ કઢાવતા હતા. દરેક સાયકલ માટે પીડિતાઓને ૨૫થી ૩૦ હજાર રૂપિયા આપવામાં આવતા હતા. ઈંડાનું ઉત્પાદન વધારવા હોર્મોનલ ઈન્જેક્શન આપવામાં આવતાં અને ત્યારબાદ તેમને IVF સેન્ટરમાં મોકલી સર્જરી દ્વારા અંડાણુ કાઢવામાં આવતાં હતા. અત્યાર સુધીમાં ૨૦થી વધુ મહિલાઓ શિકાર બની હોવાનું સામે આવ્યું છે. એગ ડોનેશન એક ફર્ટિલિટી પ્રક્રિયા છે, જેમાં ડોનરનું સ્ક્રીનિંગ, હોર્મોન સારવાર અને IVF દ્વારા ગર્ભ સ્થાપિત કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે.




# પશ્ચિમ બંગાળમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે સાત ફરિયાદો દાખલ

કોલકાતા, તા. ૨૨

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સાત ફરિયાદો દાખલ કરવામાં આવી છે. તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય શૌકત મુલ્લા સહિતના લોકોએ જીવનતલા પોલીસ સ્ટેશનમાં આરોપ લગાવ્યો છે કે, મતદાર યાદીની વિશેષ સુધારણા (SSR) પ્રક્રિયા દરમિયાન લોકોને ખોટી રીતે હેરાન કરવામાં આવ્યા છે. શૌકત મુલ્લાએ દાવો કર્યો કે તેમના મતવિસ્તારમાં ૩૩,૦૦૦ નામો કાઢી નાખવાની ભલામણ કરાઈ છે, જેમાં ૯૦% લઘુમતી સમુદાયના છે. તેમણે CEC પર પક્ષપાતનો આરોપ લગાવતા કહ્યું કે આ સાચા મતદારોને વંચિત રાખવાનું કાવતરું છે. બીજી તરફ, ભાજપે આક્ષેપ કર્યો છે કે સત્તાવાર યાદી જાહેર થયા પહેલા ધારાસભ્ય પાસે આ આંકડા ક્યાંથી આવ્યા? ભાજપે વધુમાં સ્પષ્ટતા કરી કે બંધારણીય હોદ્દા પર રહેલી વ્યક્તિ વિરુદ્ધ આ રીતે એફઆઈઆર થઈ શકે નહીં. હાલ પોલીસ આ ફરિયાદોની તપાસ કરી રહી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૩-૦૨-૨૦૨૬

# કલેક્ટર કચેરી ખાતે આરોગ્ય કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

**કલેક્ટરના અધ્યક્ષસ્થાને વિવિધ સમિતિઓની વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી**

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના સેવા સદનમાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) તેમજ નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત ચાલી રહેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.વર્ષ ૨૦૨૫ના એપ્રિલ મહિનાથી શરૂ કરી ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી કરવામાં આવેલી રસીકરણ કામગીરી અંગે વિગતવાર માહિતી મેળવી હતી. નવજાત બાળકોને ઉંમર મુજબ સમયસર તમામ તબક્કાનું રસીકરણ થાય તેની ખાસ કાળજી લેવા સૂચના આપવામાં આવી હતી. ખાસ કરીને મિઝલ્સ અને રૂબેલા સામેનું રસીકરણ વધુ સઘન બનાવવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે બાળકો રસીકરણથી વંચિત રહ્યા હોય, તેમને અભિયાન અંતર્ગત આવરી લેવા તથા ફિલ્ડ સર્વે વધારવા સૂચના અપાઈ હતી.જિલ્લામાં



હાલની પરિસ્થિતિ મુજબ કોઈ સંચારી રોગચાળો નોંધાયો નથી. સિઝનલ ફ્લુના સંભવિત ફેલાવાને ધ્યાનમાં રાખી જરૂરી દવાઓ, માસ્ક, ટ્રિપલ ટેસ્ટિંગ કિટ તથા અન્ય આરોગ્યલક્ષી સાધનોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે કે નહીં તેની સમીક્ષા કરવામાં આવી હતી. જાન્યુઆરીથી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન એનિમલ બાઈટ (રેબીઝ)ના કુલ ૨૫૫૦ કેસ નોંધાયા હતા, જોકે હડકવાના એકપણ કેસ નોંધાયા નથી. જિલ્લામાં તમામ હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં એ.આર.વી. અને એ.એસ.વી.નો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવાયું હતું.પીવાના પાણીના ક્લોરિનેશનની કામગીરી વધુ અસરકારક બને તે માટે આગોતરું આયોજન હાથ ધરવાની સૂચના આપવામાં આવી હતી. મચ્છરજન્ય રોગો અટકાવવા ફોગિંગ સહિતના નિયંત્રણ પગલાં વધુ સક્રિય રીતે અમલમાં મુકવા પર ભાર મૂકાયો હતો.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની સમિતિની બેઠકમાં શાળા વિસ્તાર નજીક તમાકુજન્ય પદાર્થોના વેચાણ પર પ્રતિબંધના કડક અમલ અંગે સૂચનાઓ આપવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન વિવિધ વિભાગોની સંયુક્ત કામગીરી હેઠળ ૧૫૭ કેસ નોંધાયા હતા અને રૂપિયા ૧૪ હજારથી વધુ દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, આઈ.એમ.એ.ના પ્રતિનિધિઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીના ભીંગરાડ, છભાડીયા-દામનગર રોડ પર રૂ. ૫૦ લાખના ખર્ચે બનનાર આર.સી.સી. પુલિયાનું ખાતમુહૂર્ત

લાઠી,તા.૨૨

લાઠી તાલુકાના ભીંગરાડ–છભાડીયા–દામનગર રોડ પર આવેલ જુનું અને જર્જરીત પથ્થરનું નાળું પુલિયું હવે આધુનિક આર.સી.સી. માળખામાં રૂપાંતરિત થવા જઈ રહ્યું છે. અંદાજીત રૂપિયા ૫૦ લાખના ખર્ચે બનનારા આ પુલિયાના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે



વિધિવત્ રીતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા સ્તરના આગેવાનો, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યુ હતું કે, ભીંગરાડ–છભાડીયા–દામનગર માર્ગ ગ્રામ્ય વિસ્તાર માટે જીવનરેખા સમાન છે અને અહીં આવેલ જૂનું પથ્થરનું પુલિયું વર્ષો જૂનું તથા જોખમી સ્થિતિમાં હોવાથી વાહનચાલકો અને ખેડૂતોને ખાસ કરીને ચોમાસાના દિવસોમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

# બાબરાના ગરણી ગામે ભેદી બ્લાસ્ટની ધારાસભ્ય જનક તળાવિયાએ મુલાકાત લઈ તપાસની માંગ કરી

બાબરા, તા.૨૨

તાલુકાના ગરણી ગામે થયેલા રહસ્યમય વિસ્ફોટની ઘટનાએ સમગ્ર પંથકમાં ભય ફેલાવ્યો છે. આ બ્લાસ્ટને કારણે એક રહેણાંક મકાનનો ભાગ ધરાશાયી થતા ભારે નુકસાન થયું હતું, જોકે સદનસીબે જાનહાનિ ટળી હતી. ઘટનાની ગંભીરતા જોઈ લાઠી-બાબરાના ધારાસભ્ય



જનક તળાવિયાએ સ્થળ પર પહોંચી નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું. ધારાસભ્યએ પીડિત પરિવારને સાંત્વના પાઠવી વળતર અપાવવાની ખાતરી આપી હતી. તેમણે અધિકારીઓને આ ઘટનાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવા સૂચના આપી છે. હાલમાં સુરક્ષાના કારણોસર આસપાસનો વિસ્તાર સીલ કરવામાં આવ્યો છે અને ટેકનિકલ ટીમ દ્વારા વૈજ્ઞાનિક તપાસ શરૂ કરવામાં આવી છે. બ્લાસ્ટનું ચોક્કસ કારણ જાણવા માટે એફએસએલ (FSL) ની મદદ લેવામાં આવે તેવી પણ શક્યતા છે.

# ધારી આઈટીઆઈ કચેરી ખાતે બુધવારે રોજગાર મેળો યોજાશે

**આઈટીઆઈ કરેલા વિદ્યાર્થીઓ માટે રોજગારની નવી તક**

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રોના અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૧૦, ધો.૧૨, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, બી.એસ.સી, એમ.એસ,સી, બી.ફાર્મ, એમ.ફાર્મ, બ્યુટીશીયન, હેરડ્રેસર, ધો. ૧૦ (કોમ્પ્યુટર નોલેજ), બ્યુટીપાર્લરના કોર્સ કરેલા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે. કેશીયરની જગ્યા માટે- બી.કોમ, એમ.કોમ, સ્ટોક મેનેજર-ફ્લોર મેનેજરની જગ્યા માટે બી.બી.એ, એમ.બી.એ.ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૨૫.૦૨.૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, (આઈ.ટી.આઈ) ધારી ખાતે રોજગાર મેળો યોજાશે.

# કાગધામ મજાદર ખાતે મોરારીબાપુની હાજરીમાં 'કાગ એવોર્ડ' અર્પણ સમારોહ યોજાયો

રાજુલા,તા.૨૨

રાજુલા તાલુકાના કાગધામ મજાદર ખાતે પદ્મશ્રી કવિ દુલા કાગ 'કાગબાપુ' ની પુણ્યતિથિ (કાગચોથ) નિમિત્તે પૂજ્ય મોરારિબાપુના સાંનિધ્યમાં લોકસાહિત્ય સન્માન સાથે ભવ્ય 'કાગ વંદના સમારોહ' યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રભરના કલાકારો, સાહિત્યકારો, વિદ્વાનો અને મહાનુભાવોની સાથે વિશાળ સંખ્યામાં ભજનપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે મોરારિબાપુએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, કાગબાપુએ જગદગુરુ શંકરાચાર્યજીના પંચદેવને કવિતા રૂપે સમાજને આપ્યા છે. કાકભૂશુંડી અને કાગબાપુની તુલનાત્મક વાત કરતા તેમણે મજાદરથી માનસરોવરની યાત્રાનો ભાવ દર્શાવ્યો હતો. તેમણે ઉમેર્યુ કે, સનાતન ધર્મના પાંચેય દેવોની પૂજા આ ફળિયાએ કરી છે અને આ ઉપક્રમ એ કોઈ વ્યક્તિપૂજા નહીં પરંતુ લોકસાહિત્ય સેવાની સ્મૃતિની વંદના છે, તેમ કહીને કાગબાપુની ચેતનાને વંદન કર્યા



તસવીર : ગોપાલ રાઠોડ

હતા.આ સમારોહમાં મોરારિબાપુના હસ્તે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને 'કવિ શ્રી કાગબાપુ લોકસાહિત્ય સન્માન' અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં મંચ કાર્યક્રમ માટે ધીરુભાઈ સરવૈયા, અનવર મીર, કમલેશ જામંગ, ભારતીબેન કુંચાળા અને ભાનુભાઈ વોરા. સંશોધન ક્ષેત્રે તીર્થંકર રોહડિયા, પ્રવીણ મધુડા, દિનેશ માવલ, બલરામ ચાવડા અને રામભાઈ બારોટ. ચારણી સાહિત્ય રજૂઆત ક્ષેત્રે અચલદાન બોક્ષા, ચેતન ગઢવી, જીતુ દાદ ગઢવી, ઈન્દુબેન ગઢવી (બાટી) અને જવાહર ગઢવી. દિવંગત વિદ્વાનો (મરણોત્તર સન્માન) જીવાભાઈ પિંગલશી નરેલા, કવિ શ્રી કાન, જાદવજીબાપા (મોજાડીવાલા), વિજયકરણ મેહડુ અને દાદુદાન ખુમદાન અને રાજસ્થાનના વિદ્વાનો સુખદેવસિંહ બારહઠ, માધવ હાડા, ધનંજયાબેન અમરાવત, મહાદાનસિંહ બારહઠ અને ભવરદાન રતનુંનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજુલા શહેરમાં રૂ.૧૦-રૂ.૨૦ની નોટો અને પરચૂરણની અછતથી નાના વેપારીઓ પરેશાન

રાજુલા, તા.૨૨

રાજુલામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની કરન્સી ચેસ્ટ સુવિધા બંધ થયા બાદ છૂટા નાણાંની સમસ્યા વકરી રહી છે. છેલ્લા ઘણા સમયથી રૂ.૧૦ અને રૂ.૨૦ની નોટો તેમજ સિક્કાઓની અછતને કારણે નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ ઓનલાઈન બિઝનેસ અને મોલ સંસ્કૃતિને કારણે નાના વેપારીઓ મંદીનો સામનો કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ છૂટા નાણાંની તંગી તેમની સ્થિતિ વધુ કફોડી બનાવી રહી છે.વેપારીઓના જણાવ્યા અનુસાર, બજારમાં ઉપલબ્ધ રૂ.૧૦-રૂ.૨૦ની મોટાભાગની નોટો ફાટેલી હોવાથી ગ્રાહકો તેનો સ્વીકાર કરતા નથી. વધુમાં,



રૂ.૧૦૦૦ના પરચૂરણ માટે રૂ.૧૦થી રૂ.૨૦નું ગેરકાયદેસર કમિશન વસૂલવામાં આવતું હોવાની પણ ફરિયાદ ઉઠી છે. નવી નોટોના બંડલ પર પણ રૂ.૫૦થી રૂ.૧૦૦ વધારાના લેવાતા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. અગાઉ રાજુલામાં કાર્યરત કરન્સી બ્રાન્ચ કોવાયા ખાતે ટ્રાન્સફર થતા આ સમસ્યા સર્જાઈ છે. સ્થાનિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે આ બાબતે રાજકીય પ્રતિનિધિઓ મૌન કેમ છે?

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સંચાલિત સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા "આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ"ની ઉજવણી

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત 'જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ'ના વિદ્યાર્થીઓ દ્વારા "આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ"ની ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવણી કરવામાં આવી. વિશ્વભરમાં દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ આ દિવસ ઉજવાય



છે.આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા માતૃભાષાના મહત્વ અંગે વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા કાવ્યગાન, વક્તૃત્વ સ્પર્ધા અને લોકગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના સફળ આયોજન બદલ પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ શુભેચ્છાઓ પાઠવી હતી.







# ટીબીની કન્યા પ્રાથમિક શાળામાં સામાજિક વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

જાફરાબાદ,તા.૨૨

ટીબીની વાલીબાઈ કન્યા પ્રાથમિક શાળા ખાતે ૨૦/૦૨/૨૬, શુક્રવારના રોજ સામાજિક વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં વેશભૂષા, હસ્તકલા, સામાજિક ધરોહર અને ભારતીય ભાતીગળ સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. ઉપરાંત, વિદ્યાર્થીનીઓએ



તસવીર : બાબુભાઈ વાઢેળ

અભ્યાસક્રમને અનુરૂપ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ શૈક્ષણિક મોડલ્સ પણ તૈયાર કર્યા હતા. આ પ્રદર્શન નિહાળવા માટે શ્રીજી વિદ્યાલય અને કુમાર શાળા-ટીબીના વિદ્યાર્થીઓ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર, અન્ય શાળાઓના શિક્ષકો, ગ્રામજનો તેમજ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય અને શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# બાબરાના કોટડાપીઠા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત

બાબરા, તા.૨૨

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે બસ સ્ટેન્ડ પાસે રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા ગ્રામ પંચાયત ભવનનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામપંચાયત તેમજ ગ્રામજનો દ્વારા ધારાસભ્યને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ પંચાયત ભવન



બનાવવા માટે રૂ. ૨૫ લાખ મંજૂર થયેલ છે. આ ઉપરાંત નવી બોડી દ્વારા માત્ર ૭ માસના સમયગાળામાં ૬૦ લાખના ખર્ચે વિવિધ વિકાસ કામો કરવા બદલ તેમણે પંચાયતની કામગીરીને બિરદાવી હતી. તેમણે વધુમાં જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કોટડાપીઠા મેઈન બજારનો રસ્તો ૬ લાખ રૂપિયાના ખર્ચે રિપેર કરાશે, તેમજ ખોડિયાર મંદિરથી ખાનપર ચોકડી સુધીના સુવિધા પથ માટે રાજ્ય સરકારમાંથી રૂ. ૨ કરોડ ૬૦ લાખ મંજૂર કરાવેલ છે. આ પંચાયત ભવનના ખાતમુહૂર્ત પ્રસંગે બાબરાના TDO, બાબરા તાલુકા ભાજપ પ્રમુખ દિનેશભાઈ, પૂર્વ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, કોટડાપીઠાના સરપંચ સત્યજીતભાઈ વાળા, ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ અને નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજનો સંયુક્ત ઉપક્રમ**

# અમરેલીમાં "સશક્ત યુવા અને ભગવદ ગીતા" પરિસંવાદ યોજાયો

અમરેલી,તા.૨૨

રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ,અમરેલી અને નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજના સંયુક્ત ઉપક્રમે "સશક્ત યુવા અને ભગવદ ગીતા" વિષયક પરિસંવાદ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ભગવાન ધન્વંતરીની પ્રાર્થના સાથે



થઈ. અધ્યાપક ભાઈ-બહેનોએ આગંતુકોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું અને ડો. નિશા વેગડાએ શબ્દ સ્વાગત કર્યું હતુ. મુખ્ય મહેમાન તરીકે ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલીયાએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો. પ્રશ્નોત્તરી સત્રમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા. કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટના સંયોજક મનીષભાઈ સિદ્ધપુરાએ આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. નિશા વેગડાએ કર્યું હતું.

# સરકારના લગ્ન નોંધણી અધિનિયમમાં સુધારા નિર્ણયને આવકારતા હિરેન હિરપરા

અમરેલી, તા.૨૨

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા લગ્ન નોંધણી અધિનિયમમાં કરવામાં આવેલા તાજા સુધારાને ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરાએ ઉમળકાભેર આવકાર્યો છે. તેમણે આ નિર્ણયને સમગ્ર સમાજના હિતમાં, પરિવારીક સંસ્કારોના સંરક્ષણમાં અને યુવાનોના સુખી ભવિષ્ય માટે ઐતિહાસિક સાબિત થનારો ગણાવ્યો છે. હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે, લાંબા સમયથી વિવિધ સામાજિક સંસ્થાઓ, સમાજ આગેવાનો અને માતા-પિતાઓ તરફથી "ભાગેડું લગ્ન" જેવી પ્રથાને અટકાવવા અને લગ્ન નોંધણી વખતે માતા-પિતાને જાણ કરવી ફરજિયાત બનાવવાની માંગ ઉઠતી હતી. રાજ્ય સરકારે આ લાગણીઓ અને માંગણીઓને સંવેદનાથી સમજીને કાયદામાં જરૂરી સુધારા કરી સમાજની ચિંતાઓને દૂર કરવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, લગ્ન નોંધણી પ્રક્રિયામાં પારદર્શિતા અને માતા-પિતાની જાણ અનિવાર્ય બનાવવાથી પરિવારની સંમતિ, સંવાદ અને વિશ્વાસ મજબૂત થશે.

વર્તમાન સમયમાં અનેક ગામોમાં કોઈ પણ આધાર પુરાવા વિના લગ્ન નોંધણીનું મોટું ગોલમાલનું રેકેટ ચાલતું હતું, જે આ કાયદાથી અટકાવી શકાશે. ખાસ કરીને ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં જ્યાં પરિવારીક મૂલ્યોને



વિશેષ મહત્વ અપાય છે, ત્યાં આ નિર્ણય ખૂબ જ લાભદાયી સાબિત થશે. ગુજરાત સરકારનું આ પગલું "પરિવાર પ્રાથમિકતા" અને "સંસ્કાર આધારિત વિકાસ"ના વિચારને વધુ મજબૂત બનાવે છે. સમાજમાં સુખ, શાંતિ અને સંકલન જળવાઈ રહે તે માટે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વ હેઠળ લેવાયેલા આ સંવેદનશીલ અને દુરંદેશી નિર્ણય બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવતા હિરેન હિરપરાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સુધારો ભવિષ્યમાં સમાજ માટે કલ્યાણકારી અને માર્ગદર્શક સાબિત થશે.

# અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારમાં લગ્નપ્રસંગમાં કારનો કાચ તૂટતા ધબધબાટી

અમરેલી,તા.૨૨

અમરેલી શહેરના જેસીંગપરા વિસ્તારમાં આવેલા સમાજવાડી ખાતે લગ્ન સમારંભ દરમિયાન અચાનક મારામારીની ઘટના બની હતી. નજીકની સોસાયટીમાં પાર્ક કરેલી એક કારનો કાચ તૂટતાં સ્થાનિક રહેવાસીઓ અને લગ્ન આયોજકો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. વાત વધતા બંને પક્ષ વચ્ચે હાથાપાઈ સર્જાઈ, જેના કારણે મહેમાનોમાં અફરાતફરી



અને ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં અમરેલી સિટી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે સંડોવાયેલા લોકોની ઓળખ કરી પૂછપરછ શરૂ કરી છે.

**ખાંભા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ડોર-ટુ-ડોર વસૂલાત કામગીરી**

# ખાંભામાં વીજ કંપની દ્વારા કડક વસૂલાત શરૂ: ૧.૫ કરોડના બાકી લેણાં માટે કનેક્શન કાપવાની ચીમકી

ખાંભા, તા.૨૨

ખાંભા તાલુકામાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની (PGVCL) ના ગ્રાહકો પાસે અંદાજે રૂ. ૧.૫ કરોડની બાકી રકમ હોવાથી વીજ તંત્ર દ્વારા વસૂલાત માટે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બાકી લેણાં વસૂલવા માટે વીજતંત્ર દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પીજીવીસીએલની ટીમ દ્વારા હાલમાં ખાંભા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ડોર-ટુ-ડોર વસૂલાત શરૂ કરવામાં આવી છે. વીજ કંપની દ્વારા બાકીદાર ગ્રાહકોને નોટિસ પાઠવીને કનેક્શન કાપી નાખવાની કડક ચેતવણી પણ આપવામાં આવી રહી છે. આ અંગે ખાંભા પીજીવીસીએલના નાયબ ઈજનેર તલસાણીયા દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે ગ્રાહકોએ પોતાની બાકી રકમ વહેલી તકે ભરી દેવાની રહેશે, નહિતર વીજ જોડાણ કાપીને રદ કરવામાં આવશે. ગ્રાહકોને વીજ પુરવઠાથી વંચિત ન રહેવું પડે તે હેતુથી આગામી તારીખ ૨૫-૦૨-૨૦૨૬ પહેલા વીજબિલની બાકી રકમ ભરપાઈ કરી દેવા અપીલ કરવામાં આવી છે.

**વીજ પુરવઠો ખોરવાય નહિ તે માટે નાયબ ઇજનેર તલસાણીયા દ્વારા તા. ૨૫-૦૨-૨૦૨૬ પહેલાં બિલ ભરપાઈ કરવા ગ્રાહકોને તાકીદ**

# અમરેલીના પ્રગતિશીલ ખેડૂતને રાષ્ટ્રીય કક્ષાનો "બેસ્ટ ઈનોવેટીવ ફાર્મર્સ એવોર્ડ" એનાયત

અમરેલી, તા.૨૨

જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના નિયંત્રણ હેઠળ ચાલતા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી કાર્યક્ષેત્રના પ્રગતિશીલ ખેડૂતને રાષ્ટ્રીય કક્ષાનો "બેસ્ટ ઈનોવેટીવ ફાર્મર્સ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો છે.અમરેલી તાલુકા અને જિલ્લાના મોટા આંકડિયા ગામના વતની દિનેશભાઈ ભગવાનભાઈ



સવસૈયાને અંજીરની પ્રાકૃતિક ખેતી અને તેના મૂલ્યવર્ધન ઉપર કરેલી કામગીરી બદલ આ સન્માન પ્રાપ્ત થયું છે. સોસાયટી ઓફ એક્ષટેન્શન એજ્યુકેશન, ગુજરાત અને આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ગત તા. ૨૦ અને ૨૧/૦૨/૨૦૨૬ દરમિયાન આણંદ ખાતે બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.આણંદ ખાતે યોજાયેલા આ બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદમાં આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિના હસ્તે દિનેશભાઈ સવસૈયાને રાષ્ટ્રીય કક્ષાનો આ 'બેસ્ટ ઈનોવેટીવ ફાર્મર્સ એવોર્ડ' એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધારી તાલુકાના આઠ ગામોને નર્મદાના નીર આપવા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત

ધારી,તા.૨૨

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સિંચાઈ અને પાણીની ગંભીર સમસ્યાને લઈને ભારતીય જનતા પક્ષના સંગઠન મંત્રી દિનેશભાઈ કે. ચોડવડિયા દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં ખાસ કરીને ધારી તાલુકાના ઝર ચેકડેમને ગુજરાત



સરકારની 'સૌની યોજના'માં સમાવી તેને નર્મદાના નીરથી ભરવા માટે પ્રબળ માંગણી કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, જો આ ચેકડેમમાં પાણી છોડવામાં આવે અને નદીમાં વહેણ ચાલુ કરવામાં આવે, તો આસપાસના આઠ ગામો જેવા કે ઝર, ઝરપરા, મોરઝર, પરબડી, દહિડા, ઢોલરવા, મીઠાપુર (ડુંગરી) અને ચલાલાના ખેડૂતોને સીધો અને મોટો ફાયદો થઈ શકે તેમ છે. વર્તમાન વર્ષે વરસાદ ઓછો હોવાને કારણે આ વિસ્તારમાં કૂવા અને બોરના પાણીના તળ સાવ નીચે બેસી ગયા છે, જેના પરિણામે શિયાળુ પાક પણ નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર સ્થિતિમાં જો નર્મદાના પાણીથી આ વિસ્તારને જોડવામાં આવે તો જમીન ફરી લીલીછમ બની શકે છે. રજૂઆતમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે, ઝર ચેકડેમ પર નદીમાં વાલ મૂકવામાં આવેલ છે, પરંતુ તે ખોલવા માટે અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ જ નક્કર નિરાકરણ આવ્યું નથી. આ બાબતે મુખ્યમંત્રી ઉપરાંત પાણી પુરવઠા મંત્રી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા પ્રમુખ અને સાંસદ ભરતભાઈ સુતરીયાને પણ નકલ રવાના કરી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા અને ખેડૂતોના હિતમાં નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે.

# વડિયાના હનુમાન ખીજડીયા ગામે યુવકે ગળાફાંસો ખાધો

વડિયા, તા. ૨૨

વડિયાના હનુમાન ખીજડીયા ગામે એક યુવકને મગજમાં તાવ ચડી જતાં (અથવા બીમારીના કારણે માનસિક તણાવમાં) ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે મલાભાઈ જીણાભાઈ પરમાર (ઉ.વ. ૪૯) દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, અરૂણ ઉર્ફે ગોપાલ ધનજીભાઈ પરમાર (ઉ.વ. ૨૨)ને છેલ્લા પંદરેક દિવસથી તાવ આવતો હતો. તાવ મગજમાં ચડી જવાથી ઉભી થયેલી સ્થિતિમાં તેણે ગળાફાંસો ખાઈ લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. યુવાન પુત્રના મોતના પગલે પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.







# જિલ્લામાંથી ૮ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં દારૂડીયાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે છતાં પ્યાસીઓ માટે દારૂ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યુ છે.

અમરેલી જિલ્લામાંથી પોલીસે ચાર સ્થળેથી ૮ લીટર દેશી દારૂ પકડ્યો હતો. લાઠીમાં મહિલાના રહેણાંક મકાનેથી ૩ લીટર દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી ૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.




## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૨૩/૨૦૨૬

શ્રી સોલંકી જુસબભાઈ મહમદભાઈ ઉર્ફે મામદભાઈ
રહે.પાંચતલાવડા, તા.લીલીયા, જિ.અમરેલી .........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, પાંચતલાવડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી સોલંકી જુસબભાઈ મહમદભાઈ ઉર્ફે મામદભાઈનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ના રોજ પાંચતલાવડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

# એસ.ટી.ડ્રાઈવરોની ભરતી કરવા છતાં સા.કુંડલા પંથકના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ભારે હાલાકી

સાવરકુંડલા,તા.૨૨

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના અમરેલી ડિવિઝન હેઠળ આવતા સાવરકુંડલા ડેપોમાં ડ્રાઈવરોની અછત પૂરી થઈ હોવા છતાં, ગ્રામ્ય વિસ્તારના અનેક લોકલ રૂટો હજી પણ બંધ હોવાથી સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ખાસ કરીને સાવરકુંડલા-કરલા-મોદા જેવો વર્ષો જૂનો રૂટ હાલ સદંતર બંધ કરી દેવામાં આવ્યો છે.આ રૂટ બંધ થવાથી નવાગામ, કરલા અને મોદા ગામના લોકોની પરિવહન સુવિધા છીનવાઈ ગઈ છે. આ ગામડાઓમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે વીજપડી, સાવરકુંડલા અને અમરેલી સુધી જતા હોય છે, જેના કારણે તેમના શિક્ષણ પર માઠી અસર પડી રહી છે.સાવરકુંડલા-



મહુવા-સાવરકુંડલા જેવા લોકલ રૂટો શરૂ કરવા અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ગ્રામજનોનો આક્ષેપ છે કે એક તરફ ડ્રાઈવરોની નિમણૂંક કરવામાં આવી છે, તો બીજી તરફ તંત્રની ઉદાસીનતાને કારણે ગ્રામ્ય રૂટો બંધ રાખવામાં આવ્યા છે. જો સત્વરે આ લોકલ બસો અને કરલા-મોદા રૂટ ફરી શરૂ કરવામાં આવે, તો વિદ્યાર્થીઓ અને મુસાફરોની હાલાકી દૂર થઈ શકે તેમ છે.

# અમરેલી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લામાં જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને લાઠી-બાબરા ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિ રહી હતી.બેઠક દરમિયાન ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના રસ્તાઓ, નવા આધારકાર્ડ અને અપડેટ કેન્દ્રો, વિવિધ ગામોમાં ગૌચર જમીન દબાણ દૂર કરવાની કામગીરી, જમીન માપણી, વીજ જોડાણ તેમજ બગસરા-હામાપુર રોડ પર જંગલ કટીંગ જેવા મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી.

રાજુલા-વેરાવળ એસ.ટી. બસ સેવા નિયમિત કરવા, ચમારડી પેટા આરોગ્ય કેન્દ્રની કામગીરી અને સાવરકુંડલા-લીમડા રોડ મુદ્દે પણ જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. આગામી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને ધ્યાનમાં રાખી તમામ એસ.ટી. બસો નિયમિત સમયસર ચાલે તે માટે તંત્રને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા સ્તરના અધિકારીઓ હાજર રહ્યા હતા.

**કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં બોર્ડ પરીક્ષાને ધ્યાનમાં રાખી એસ.ટી. વિભાગને ખાસ સૂચના**

# રાજુલા તાલુકાના વાવેરા ગામે યુવકને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો

રાજુલા, તા. ૨૨

રાજુલાના વાવેરા ગામે મકાનને તાળું મારવા આવેલા યુવકને ગાળો આપી મુંઢ માર મારવામાં આવ્યો હતો, તેમજ તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે મહમદભાઈ હસનભાઈ બેલીમ (ઉ.વ. ૨૪) એ ફિરોજભાઈ મહેબૂબભાઈ બેલીમ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગતો પ્રમાણે, મહમદભાઈ અને તેમના ભાઈ સમીરભાઈ હસનભાઈ બેલીમ બંને તેમના ગામ વાવેરામાં આવેલા જૂના મકાને તાળું મારવા ગયા હતા. આ બાબત આરોપીને પસંદ ન આવતા તેણે જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત, શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢ માર મારીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. ડી. વાળા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' ની ઉજવણી

લીલીયા, તા.૨૨

વિવિધ વિભાગોના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા અને સમાજીકરણ' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમા મુખ્ય વક્તા ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડે વ્યક્તિત્વ વિકાસ અને સંસ્કૃતિમાં માતૃભાષાનું મહત્વ સમજાવ્યું. લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં



આવી હતી. આ ઉજવણી નિમિત્તે કોલેજના જ્ઞાનધારા, ગુજરાતી વિભાગ, સમાજશાસ્ત્ર વિભાગ, હિન્દી વિભાગ અને અંગ્રેજી વિભાગના સંયુક્ત આયોજન હેઠળ "માતૃભાષા અને સમાજીકરણ" વિષય પર એક વિશેષ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડે "માતૃભાષા વડે સમાજીકરણ" વિષય પર પ્રેરણાત્મક પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, માતૃભાષા એ બાળકના વ્યક્તિત્વ વિકાસ, મૂલ્ય સંસ્કાર અને સામાજિક એકતાનું મુખ્ય માધ્યમ છે. માતૃભાષા દ્વારા જ વ્યક્તિ પોતાની ઓળખ, સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે ગાઢ રીતે જોડાય છે.

# અમરેલી જિલ્લામાંથી વધુ બે યુવતીઓ લાપતા

**યુવતીઓ ગૂમ થતા પરિવારજનોએ પોલીસમાં જાણ કરી**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાંથી વધુ બે યુવતીઓ લાપતા બની હોવાના બનાવો સામે આવ્યા છે. પ્રથમ બનાવની વિગત મુજબ, દામનગરના નારાયણનગરમાં રહેતા હરેશભાઈ નારૂભાઈ ઉદિયા (ઉ.વ. ૪૬) એ પોલીસમાં જાહેર કર્યા પ્રમાણે, તેમની ભત્રીજી નંદનીબેન પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.બીજા બનાવમાં, ચાંચબંદર ખાતે રહેતા રમેશભાઈ ભાનુભાઈ ગુજરીયા (ઉ.વ. ૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી અસ્મિતાબેન બાઢડા-રામગઢ રોડ વચ્ચે ચાલતા પુલના કામના સ્થળે આવેલા ઝૂંપડામાંથી, કોઈને કહ્યા વગર પહેરેલા કપડે ક્યાંક જતી રહી હતી.

# વડિયાના મુસ્લિમ યુવકે ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવા પ્રધાનમંત્રીને પત્ર લખ્યો

વડિયા, તા.૨૨

હિન્દુ ધર્મ મુજબ ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે, તેવું માનીને ગાયને માતાનો દરજ્જો આપવામાં આવે છે. ભારત એક બિનસાંપ્રદાયિક દેશ હોવાથી તમામ ધર્મના લોકો અહીં હળી-મળીને વસવાટ કરે છે અને ભાઈચારાની લાગણીથી પોતાના ઉત્સવો ઉજવે છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ગ્રામ



પંચાયતના સદસ્ય અને જિલ્લા યુથ કોંગ્રેસના આગેવાન એવા મુસ્લિમ યુવાન જુનેદ ડોડિયાએ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને જણાવ્યું છે કે, હિન્દુ ધર્મમાં ગાયને માતાનો દરજ્જો અપાયો છે અને તેની પૂજા કરવામાં આવે છે.

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી દ્વારા પણ ગાયને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે, જેથી ગાયનું સન્માન સમગ્ર દેશમાં વધે અને તેના મૃત્યુ સમયે તેની અંતિમ વિધિ પણ સન્માન અને રીત-રિવાજ સાથે કરવામાં આવે.

**વાહન ઊભું રખાવી કાગળો અને લાયસન્સ માંગતા શખ્સોએ રોફ જમાવ્યો**

# રાજુલામાં પોલીસકર્મીઓને ધમકાવી "હું વકીલ છું" કહી ખોટી ફરિયાદ કરવાની ધમકી આપી

**પોલીસને બેફામ ગાળો આપી ફરજમાં રુકાવટ કરી**

રાજુલા, તા. ૨૨

રાજુલા ટાઉનમાં બસ સ્ટેશન પાસે ટ્રાફિક નિયમન કરી રહેલા પોલીસ કર્મચારીઓ સાથે માથાકૂટ કરી, ફરજમાં રુકાવટ ઊભી કરનાર ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો છે. આરોપીઓએ પોલીસને 'હું વકીલ છું' તેમ કહીને બિભત્સ ગાળો આપી, ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનું સામે આવ્યું છે. આ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.બી. જાનીએ હર્ષાબેન અરવિંદભાઈ ખુમાણ, ક્રિષ્નાબેન અરવિંદભાઈ ખુમાણ તથા અરવિંદભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગતો પ્રમાણે, રાજુલા બસ સ્ટેશન પોલીસ ચોકી સામે જાહેર રોડ પર પોલીસ કર્મચારીઓ કાયદેસરની ટ્રાફિક કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન નંબરના મોટરસાયકલ પર સવાર શખ્સોને અટકાવી પોલીસે આર. ટી.ઓ.ના કાગળો તથા ડ્રાઈવિંગ લાયસન્સ માંગ્યા હતા. ચાલક પાસે દસ્તાવેજો ન હોવાથી પોલીસે નિયમ મુજબ વાહન ડિટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.વાહન ડિટેઈન કરવાની વાત સાંભળતા જ આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપી મહિલાએ 'મારા પતિ એડવોકેટ છે અને જો વાહન ડિટેઈન કરશો તો મુશ્કેલીમાં મુકાઈ જશો' તેવી ધમકી આપી પોલીસ સાથે ગેરવર્તન શરૂ કર્યું હતું. આટલું જ નહીં, આરોપીએ પોતાનો ફોન જમીન પર પછાડીને ડ્રામા કર્યો હતો અને ધમકી આપી હતી કે, 'હું અને મારી દીકરી હોસ્પિટલમાં દાખલ થઈ જઈશું અને અમને માર માર્યાની ખોટી ફરિયાદ કરીશું.'ત્યારબાદ સ્થળ પર અરવિંદભાઈ ખુમાણ આવ્યા હતા. તેમણે પણ પોલીસને ધમકાવતા કહ્યું હતું કે, 'હું વકીલ છું. અમે પોલીસના ઘણા કામ કરીએ છીએ એટલે અમારી પાસેથી દંડ નહીં લેવાનો. જો ગાડીને હાથ અડાડશો તો હું માર માર્યાની ખોટી ફરિયાદ કરીશ.' આરોપીઓએ ડિટેઈન મેમો સ્વીકારવાની ના પાડી, સરકારી કર્મચારીઓને ગાળો આપી અને તેમની કાયદેસરની ફરજમાં અવરોધ ઊભો કર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૨૩-૦૨-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૨૩-૦૨-૨૦૨૬ સોમવાર

મેષ: તમારી આશાઓ પૂરી ના થાય તો તમે દુ:ખી થશો. અંગત સંબંધોની કેટલીક બાબતમાં વિવાદ ઊભા થઈ શકે છે.

વૃષભ: આજે તમને ખુશીનો અનુભવ થશે. ઘરે અથવા કાર્યસ્થળમાં તમે વૈભવી વાતાવરણનો આનંદ માણશો.

મિથુન: આજે દરેક બાબતમાં અતિરેક ના કરો. ભૂતકાળને ભૂલી જાઓ અને વર્તમાનમાં આગળ વધો.

કર્ક: આજે સ્વાસ્થ્ય પ્રત્યે વધારે સાવચેતી રાખવાની જરૂર છે. આજે અનિયમિત આહાર પર નિયંત્રણ રાખો.

સિંહ: આજે તમારા જીવનમાં કોઈ મહત્વપૂર્ણ પરિવર્તનની સંભાવના છે. કદાચ આને કારણે તમારે મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડશે.

કન્યા: આજે તમે કોઈ મહત્વનો પ્રોજેક્ટ શરૂ કરવા જઇ રહ્યા છો. આજે તમે નાણાકીય લાભની અપેક્ષા કરી શકો છો.

તુલા: આજે આરોગ્ય અને નાણાકીય સંસાધનો પર ધ્યાન આપવાની જરૂર છે. અન્ય લોકોના કામ માટે વધારે સમય અને શક્તિનો વ્યય ના કરો.

વૃશ્ચિક: ભાગ્ય આજે મહત્વની ભૂમિકા ભજવશે. જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિની દિશામાં આગળ વધશો.

ધન: આજે શારિરીક અને માનસિક રીતે પરેશાન હોવા છતાં પણ તમે જે પણ કાર્ય હિંમતથી કરશો તેમાં સફળતા મળશે.

મકર: આજે અંગત સંબંધો પ્રેમાળ અને સહકારભર્યા રહેશે. સારું સ્વાસ્થ્ય હોવાને કારણે તમે વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેશો.

કુંભ: પરંતુ વ્યક્તિગત સંબંધોના કિસ્સામાં ત્રિકોણાકાર સંબંધો તમારા જીવનમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

મીન: સહયોગીઓના સહયોગથી આજે તમે કોઈ મોટા પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો.

# ચલાલાની દીકરીનો રાજ્ય કક્ષાએ હાર્મોનિયમ વાદનમાં ઝોન કક્ષાએ પ્રથમ ક્રમ મેળવ્યો

અમરેલી, તા.૨૨

ધારી તાલુકાના ચલાલા ગામની શ્રીભુવા કન્યા શાળાની તેજસ્વી વિદ્યાર્થિની સેજલ મગનભાઈ રાઠોડે તાજેતરમાં યોજાયેલા ઝોન કક્ષાના કલા ઉત્સવમાં હાર્મોનિયમ વાદન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ગ્રામીણ વિસ્તારની આ દીકરીએ પોતાની મહેનત




અને સંગીત પ્રત્યેની રુચિ થકી આ સિદ્ધિ હાંસલ કરી સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સફળતાને બિરદાવવા માટે શાળા ખાતે વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં આચાર્ય હરેશભાઈ જેબલિયા દ્વારા સેજલનું સન્માન કરવામાં આવ્યું હતું. સેજલના માર્ગદર્શક શિક્ષક સુરેશભાઈ નિમાવત અને પારુલબેન સાદીયાની કામગીરીને પણ બિરદાવવામાં આવી હતી. હવે સેજલ આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

# અમરેલીમાં સુરતની પરિણીતાએ પતિ સાથે બોલાચાલી બાદ ગળાફાંસો ખાધો

**પરિણીતાએ સામાન્ય બાબતમાં આપઘાત કરી લેતા અરેરાટી**

અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરમાં સુરતની એક પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ ઘટના અંગે અમરેલીમાં રહેતા રાજગીરી કાળુગીરી ગોસાઈ (ઉ.વ. ૫૧) એ જાહેર કરેલી વિગતો મુજબ, સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી પૂનમબેન નિલેષગીરી ગોસ્વામી (ઉ.વ. ૨૭) ને તેના પતિ સાથે બોલાચાલી થઈ હતી. આ બાબતે મનમાં લાગી આવતા, તેણે અમરેલીમાં ગાયત્રી મંદિર પાછળ, જેલ રોડ પર આવેલી પાપડવાળી શેરીમાં સ્થિત રહેણાંક મકાનમાં ગળાફાંસો ખાઈ લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું.

# સાવરકુંડલામાંથી બાઈક ચોરાઈ

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલામાં હાથસણી રોડ પર આવેલા ખોડીયાર ચોકમાં એક યુવકના ઘરની ડેલી બહારથી બાઈકની ચોરી થઈ હતી. ભરતભાઈ ખીમરાજભાઈ લાંગાવદરે અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની હીરો-હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર પ્લસ, ૨૦૦૩ ના મોડેલની (રજી. નં. GJ-૩-AH-૫૪૫૧) અજાણ્યો ચોર ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂ. ૧૦,૦૦૦ જાહેર થઈ હતી.

# જિલ્લામાં ૨૭ વ્યક્તિઓ પાસેથી દેશી દારૂ ઝડપાયો

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૨૭ વ્યક્તિઓ દેશી દારૂ સાથે ઝડપાયા હતા, જેમાં ૧૦ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લામાં અલગ-અલગ સ્થળેથી ૧૨ શખ્સો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવતા તેમની સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે.

# સાવરકુંડલાની સહજાનંદ પ્રાથમિક શાળામાં શિવાજી જયંતીની ઉજવણી

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાની સહજાનંદ પ્રાથમિક શાળામાં ધોરણ ૪ માં અભ્યાસ કરતા અને મૂળ જાબાળ ગામના વિદ્યાર્થી ખુમાણ જયવંત ઉર્ફે જય યોગેશભાઈ ખુમાણે શિવાજી જયંતી નિમિત્તે શિવાજી મહારાજનું આબેહૂબ પાત્ર ભજવીને શાળામાં હર્ષની લાગણી ફેલાવી દીધી છે. વિદ્યાર્થી જયવંતને પહેલેથી જ દેશના વીર પુરુષો અને ક્રાંતિકારીઓ જેવા કે ભગતસિંહ, જોગીદાસ ખુમાણ અને રામવાળાની અનેક વાર્તાઓ કંઠસ્થ છે. દેશ અને સૈનિકો પ્રત્યે વિશેષ લાગણી ધરાવતા આ બાળકે શિવાજી મહારાજની વાર્તાઓ સાંભળીને શિક્ષકો સમક્ષ તેમનું પાત્ર ભજવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શિક્ષકો દ્વારા તેને ડ્રેસ, ઢાલ અને શિવાજી મહારાજ જેવો જ પહેરવેશ પૂરો પાડવામાં આવ્યો હતો. આ આબેહૂબ રૂપમાં જયવંતે પાત્ર અભિનય રજૂ કરી સમગ્ર શાળાના બાળકો અને વાલીઓને મંત્રમુગ્ધ કરી



દીધા હતા, જેને જોઈને શાળાના સ્ટાફમાં પણ ભારે રાજીપો જોવા મળ્યો હતો. આ નાના વિદ્યાર્થીએ શિવાજી મહારાજનું અદભુત પાત્ર ભજવીને શાળા, કાઠી ક્ષત્રિય સમાજ અને પોતાના જાબાળ ગામનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય કૌશિકભાઈ વ્યાસ, શિક્ષક સ્ટાફ તેમજ કાઠી સમાજના અગ્રણીઓ અને બોર્ડિંગના પ્રમુખ અશોકભાઈ ખુમાણ, પૂર્વ જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન નિર્મળભાઈ ખુમાણ, પ્રવીણભાઈ કોટીલા, કનુભાઈ વરુ, આણંદુભાઈ તથા પૂર્વ પ્રમુખ છત્રજીતભાઈ ધાખડાએ વિદ્યાર્થીને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## તંત્રી લેખ

# વિશ્વભરમાં ટેરિફના નામે ત્રાસ વર્તાવનાર અમેરિકાની પીછેહટ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક દેશો પર ટેરીફનો ત્રાસ વર્તાવ્યો પરંતુ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પને બ્રેક મારી છે.અમેરિકાના સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી ભારતને એક મહત્વનો ફાયદો થઈ શકે છે. જો અમેરિકામાં વ્યાપક ટેરિફ અટકશે અથવા ઘટશે, તો ભારતીય નિકાસકારોને વધુ સ્થિર અને સ્પષ્ટ વેપાર વાતાવરણ મળશે, જેનાથી વેપાર અને રોકાણના નવા અવસર ઊભા થઈ શકે છે.

અમેરિકાના સુપ્રીમ કોર્ટએ રાષ્ટ્રપતિ દ્વારા લાદવામાં આવેલા વ્યાપક ટેરિફને ગેરકાયદેસર ગણાવ્યા. ૬-૩ના નિર્ણયમાં ચીફ જસ્ટિસ જોન જી. રોબર્ટ્સ જુનિયર એ કહ્યું કે ૧૯૭૭ના IEEPA કાયદા હેઠળ કોંગ્રેસની મંજૂરી વિના આવા ટેરિફ લગાવી શકાય નહીં. એટલે કે રાષ્ટ્રપતિએ પોતાની સત્તાનો વધુ ઉપયોગ કર્યો હતો.

ટ્રમ્પે ગયા વર્ષે લગભગ દરેક મોટા વેપારી દેશ પર ટેરિફ લગાવ્યા હતા. તેમનું કહેવું હતું કે આથી અમેરિકાનો વેપાર ખાધ ઘટશે અને દેશની અંદરની ઉદ્યોગોને ફાયદો થશે. પરંતુ ઘણા અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી હતી કે ટેરિફથી વસ્તુઓ મોંઘી બનશે અને તેનો ભાર સામાન્ય લોકો પર પડશે.

કોર્ટના નિર્ણય પછી ટ્રમ્પે તરત જ નવી જાહેરાત કરી. તેમણે ૧૦ ટકા નવા વૈશ્વિક ટેરિફ લાદવાની વાત કરી. આ વખતે તેમણે ૧૯૭૪ના ટ્રેડ એક્ટની કલમ ૧૨૨ અને ૩૦૧નો આધાર લીધો. એટલે કે કોર્ટના નિર્ણય પછી પણ તેઓ ટેરિફ નીતિ છોડવા તૈયાર નથી.

હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે પહેલાથી વસૂલ કરેલા ટેરિફનું શું થશે? સરકાર દ્વારા લગભગ ૨૦૦ અબજ ડોલરથી વધુ રકમ વસૂલાઈ છે. જો કોર્ટના નિર્ણયને આધારે કંપનીઓ રિફંડ માંગશે, તો સરકારને મોટી રકમ પરત કરવી પડી શકે છે. આ પ્રક્રિયા લાંબી અને મુશ્કેલ બની શકે છે.

રાજકીય રીતે પણ આ મુદ્દો ગરમાયો છે. ઘણા સર્વે બતાવે છે કે મોટાભાગના અમેરિકન લોકો ટેરિફના વિરોધમાં છે. જીવનનિર્વાહનો ખર્ચ વધી રહ્યો છે. લોકો મોંઘવારીથી પરેશાન છે. આવી સ્થિતિમાં ટેરિફ જેવી નીતિ મધ્યસત્ર ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટી માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.

કેટલાક રિપબ્લિકન નેતાઓએ પણ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું. સેનેટર મિચ મેકકોનેલે કહ્યું કે કોંગ્રેસને બાજુ પર રાખીને નિર્ણય લેવો યોગ્ય નહોતો. બીજી તરફ ડેમોક્રેટ નેતા હકીમ જેફ્રીઝે કહ્યું કે ટેરિફથી સામાન્ય લોકો પર વધારાનો બોજ પડ્યો છે.

આ મુદ્દાનો વૈશ્વિક અસર પણ છે. અમેરિકા ઘણા દેશો સાથે વેપાર કરારો કરી ચૂક્યું છે. જો નીતિ વારંવાર બદલાય, તો રોકાણકારો અને વેપારીઓમાં અનિશ્ચિતતા વધે છે. બજારોને સ્થિરતા ગમે છે, અચાનક ફેરફાર નહીં. અર્થતંત્રને મજબૂત બનાવે છે. અંતમાં, ટેરિફની આ ટક્કર માત્ર અમેરિકાની અંદરની રાજનીતિ નથી. તે વૈશ્વિક અર્થતંત્ર સાથે જોડાયેલો મુદ્દો છે. ભારત સહિતના દેશો માટે આ પરિસ્થિતિ પડકાર પણ છે અને તક પણ. સમજદારીથી પગલાં લેવાય તો ભારત પોતાના હિતને વધુ મજબૂત બનાવી શકે છે.

# અમરેલી વેરાવળ સહિતના સમુદ્ર કિનારે વિકાસનો સૂર્યોદય



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અલ્પવિકસિત ગણાતા અમરેલી વેરાવળથી માંડી સમગ્ર દક્ષિણ સૌરાષ્ટ્રના દરિયા કિનારે વિકાસના નવા સોપાન સર થઈ રહ્યા છે જેને કારણે આ વિસ્તારમાં રોજગારીની મોટી તકો ઊભી થઈ રહી છે.

દેશમાં સૌથી મોટો લાંબો સમુદ્ર કિનારો ગુજરાતમાં છે. અહીં મહત્વના બંદરો આવેલા છે કંડલા મુન્દ્રા અને પીપાવાવ ઉપરાંત વિશ્વનું સૌથી મોટું શિપ રિસાયકલ યાર્ડ પણ ભાવનગર નજીક આવેલું છે. જે તેના ગ્રીન કોન્સેપ્ટ ના કારણે વિકાસ ના નવા આયામ સર કરી રહ્યું છે તો ભાવનગરમાં ૧૯ હજાર કરોડને ખર્ચે સીએનજી ટર્મિનલ બની રહ્યું છે જે બ્લુ ઈકોનોમીના નવા સોપાન સર કરશે આ ઉપરાંત હવે અવિકસિત વેરાવળ ખાતે પણ પ્રગતિના નવા સોપાન સર થઈ રહ્યા છે

ભારતીય અર્થતંત્ર હાલમાં એક નિર્ણાયક મોડ પર ઊભું છે, જ્યાં પરંપરાગત ક્ષેત્રો સાથે નવી શક્યતાઓનો સમન્વય થઈ રહ્યો છે. વૈશ્વિક મંચ પર પોતાનું સ્થાન મજબૂત કરવા દેશ કૃષિ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રોની સાથે સાથે હવે સમુદ્રી સંસાધનો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. આશરે ૧૧,૦૯૯ કિલોમીટરનો વિશાળ દરિયાકાંઠો અને ૨૪ લાખ ચોરસ કિલોમીટરથી વધુનો એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ) ભારત માટે કુદરતી ભંડાર સમાન છે. અત્યાર સુધી આ વિશાળ સંપદાનો માત્ર એક નાનો હિસ્સો જ ઉપયોગમાં લેવાતો હતો, પરંતુ હવે સરકારે 'બ્લુ ઈકોનોમી'ને ગતિ આપવાનો નિર્ધાર કર્યો છે. બ્લુ ઈકોનોમી એટલે માત્ર માછીમારી નહીં, પરંતુ તેમાં દરિયાઈ ખાદ્ય સુરક્ષા, જૈવવિવિધતાનું સંરક્ષણ, દરિયાઈ પર્યટન, ખનીજ સંશોધન અને નવીનીકરણીય ઊર્જાનો સમાવેશ થાય છે. દેશનો મત્સ્યોદ્યોગ લગભગ ૩ કરોડ લોકોને રોજગારી પૂરી પાડે છે અને ખાદ્ય સુરક્ષામાં પણ તેનું મોટું યોગદાન છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬ની જાહેરાતો આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેમાં EEZમાં પકડાતી માછલીઓ પરના કરમાં રાહત આપવામાં આવી છે. આ નિર્ણયથી માછીમારોને સીધો લાભ થશે અને નિકાસને પ્રોત્સાહન મળશે.

ઊંડા સમુદ્રમાં ટ્યૂના જેવી ઉચ્ચ કિંમતની માછલીઓનો વિપુલ ભંડાર છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે માંગ છે. અત્યાર સુધી ભારતીય માછીમારો ટેકનોલોજી અને પરવાનાગીના અભાવે આ સંસાધનોનો લાભ લઈ શકતા ન હતા. પરિણામે, આ કિંમતી માછલીઓનો ભંડાર દેશના દરિયાઈ ક્ષેત્રમાં જ રહી જતો હતો અથવા વિદેશી જહાજો તેનો ઉપયોગ કરી લેતા હતા. હવે EEZ એક્સેસ પાસની ઉપલબ્ધતાથી માછીમારો માત્ર ઊંડા સમુદ્રમાં જઈ શકશે નહીં, પરંતુ તેઓ આધુનિક માછીમારી તકનીકો અને સાધનોથી સજ્જ થઈને ઉચ્ચ ગુણવત્તાની માછલીઓ પકડી શકશે. આનાથી તેમની આવકમાં અનેકગણો વધારો થવાની સંભાવના છે. સાથે જ, આ પહેલથી મહિલા માછીમારો માટે પણ રોજગારીના નવા દ્વાર ખૂલશે, કારણ કે પ્રોસેસિંગ અને વેલ્યૂ એડિશનના ક્ષેત્રમાં તેમની ભાગીદારી વધશે. આ સંદર્ભમાં આજે વેરાવળથી થયેલો ઈઈઢ એક્સેસ પાસનો પ્રારંભ દેશની આર્થિક પ્રગતિની એક નવી કથા લખી રહ્યો છે. આ પહેલ માત્ર માછીમારોના જીવનમાં પરિવર્તન નહીં લાવે, પરંતુ ભારતને સમુદ્રી અર્થતંત્રમાં આત્મનિર્ભર અને વૈશ્વિક નેતા બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. દેશના વિશાળ દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ નીતિના કારણે સર્વાંગીણ વિકાસ થશે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે.

ગુજરાતના દરિયાકાંઠે વસેલું વેરાવળ હવેથી ભારતના માછીમારીના નકશા પર એક અલગ જ મહત્વ ધરાવે છે. કેન્દ્રીય મત્સ્યપાલન મંત્રી રાજીવ રંજન સિંહના હસ્તે અહીંથી EEZ એક્સેસ પાસનું રાષ્ટ્રીય લોન્ચિંગ થતાં આ શહેર સમગ્ર દેશના માછીમારો માટે એક આશાનું કિરણ બન્યું છે. વેરાવળનું ફિશિંગ હાર્બર હવે માત્ર એક બંદર ન રહેતાં, તે 'ફિશિંગ હાર્બર ક્લસ્ટર' તરીકે વિકસિત થવા જઈ રહ્યું છે. આ ક્લસ્ટરનો ઉદ્દેશ માછીમારીને માત્ર પકડવાની પ્રવૃત્તિ સુધી મર્યાદિત ન રાખતા, તેને સંપૂર્ણ ઔદ્યોગિક સ્વરૂપ પ્રદાન કરવાનો છે. અહીં માછલીના ઉત્પાદન, પ્રોસેસિંગ, વેલ્યૂ એડિશન અને પેકેજિંગની અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે, જેથી કાચા માલને બદલે પ્રોસેસ્ડ અને બ્રાન્ડેડ ઉત્પાદનોની નિકાસ થઈ શકે. આ પ્રક્રિયાથી માછલીના ભાવમાં વધારો થશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધશે. દેશમાં વિકસાવવામાં આવનારા ૩૪ મત્સ્ય ઉત્પાદન અને પ્રોસેસિંગ ક્લસ્ટરોમાં વેરાવળનો સમાવેશ થાય છે, જે તેને નિકાસનું મુખ્ય કેન્દ્ર બનાવશે.

હાલમાં વેરાવળ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં દેશભરની ૨૪ મત્સ્ય સહકારી મંડળીઓના ૩૭ માછીમારોને પ્રતીકાત્મક રીતે આ પાસ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રતીકાત્મક વિતરણ દર્શાવે છે કે આ પહેલ કેટલી વ્યાપક અને સમાવિષ્ટ છે. કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ લોકો પ્રત્યક્ષ રીતે જોડાયા હતા, જ્યારે દેશભરના ૫૦૦થી વધુ સ્થળોએથી માછીમારો અને સહકારી મંડળીઓ ઓનલાઈન માધ્યમથી જોડાઈ હતી. આ વ્યાપક ભાગીદારી આ યોજનાની રાષ્ટ્રીય અસર અને તેના પ્રત્યેના આકર્ષણને દર્શાવે છે. ઊંડા સમુદ્રમાં માછીમારી માટે જતા માછીમારોની સલામતી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. આ માટે તેમને લાઈફ જેકેટ, હાઈ-બીમ ટોર્ચ અને જીપીએસ ઉપકરણોથી સજ્જ સુરક્ષા કિટ પૂરી પાડવામાં આવી છે. આ ટેકનોલોજી માછીમારોને દરિયામાં દિશા શોધવામાં, તોફાની હવામાનની આગાહી મેળવવામાં અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં સુરક્ષિત રહેવામાં મદદ કરશે. ગુજરાતની નવી રચાયેલી મત્સ્ય સહકારી મંડળીઓને ૨ લાખ રૂપિયાની આર્થિક સહાય ફાળવીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મત્સ્યોદ્યોગ વિભાગ અને સહકાર મંત્રાલયે સાથે મળીને કામગીરી શરૂ કરી છે, જેથી માછીમારો પ્રોસેસિંગ, વેલ્યૂ એડિશન અને માર્કેટિંગની સાંકળ સાથે સીધા જોડાઈ શકે. વેરાવળ હવેથી નિકાસનું મુખ્ય કેન્દ્ર બનવાની તૈયારીમાં છે, જે માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશના માછીમારી ઉદ્યોગને વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર બનાવશે. આ ક્લસ્ટરના વિકાસથી આસપાસના વિસ્તારોમાં પર્યટન અને અન્ય સેવા ક્ષેત્રોને પણ પ્રોત્સાહન મળશે.

કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહના હસ્તે વેરાવળથી થયેલો EEZ એક્સેસ પાસનો પ્રારંભ માત્ર એક વિધિ ન હતો, પરંતુ તે ભારતીય માછીમારોની સદીઓ જૂની મર્યાદાઓના અંત અને અસીમ શક્યતાઓના દ્વાર ખોલવાનો ઐતિહાસિક પ્રસંગ હતો. અત્યાર સુધી દરિયાકાંઠેથી ૪૦-૫૦ નોટિકલ માઈલ સુધી મર્યાદિત રહેલા માછીમારો હવે વિશાળ EEZમાં વિચરણ કરી શકશે અને ટ્યૂના જેવી ઉચ્ચ મૂલ્ય ધરાવતી માછલીઓ પકડી શકશે. સરકાર દ્વારા માછીમારોને આધુનિક સુરક્ષા સાધનો અને મત્સ્ય સહકારી મંડળીઓને આર્થિક સહાય પૂરી પાડીને તેમને ભવિષ્યની આ મુસાફરી માટે સજ્જ કરવામાં આવ્યા છે. મત્સ્યોદ્યોગ વિભાગ અને સહકાર મંત્રાલયના સંયુક્ત પ્રયાસોથી માછીમારોને પ્રોસેસિંગ, વેલ્યૂ એડિશન અને માર્કેટિંગની સાંકળ સાથે સીધા જોડવાનો લક્ષ્ય છે, જેથી તેમના ઉત્પાદનનો મહત્તમ લાભ તેમને મળી શકે. દેશમાં ૩૪ મત્સ્ય ઉત્પાદન અને પ્રોસેસિંગ ક્લસ્ટર વિકસાવવાના લક્ષ્ય સાથે વેરાવળ જેવા સ્થળો નિકાસના હબ તરીકે ઉભરી આવશે. આ ઐતિહાસિક પહેલ માત્ર માછીમારોના જીવનમાં પરિવર્તન નહીં લાવે, પરંતુ ભારતની બ્લુ ઈકોનોમીને એક નવી ઊંચાઈ પ્રદાન કરશે. તે ખાદ્ય સુરક્ષા, રોજગારી અને નિકાસ વૃદ્ધિના ત્રિવેણી સંગમ સમાન છે, જે ભારતને સમુદ્રી અર્થતંત્રમાં એક વૈશ્વિક શક્તિ તરીકે સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પહેલથી દેશના લાખો માછીમાર પરિવારોના જીવનમાં સુખ-સમૃદ્ધિ આવશે અને 'માછીમારોનું ભારત' 'સમૃદ્ધ ભારત'ના સંકલ્પને સાકાર કરશે.

# આપણી અરજી અને ઈશ્વરની મરજી



**મનન ચિંતન**
**ભરત બાવીશી**

ક્યારેક સુખ માટે, ક્યારેક દુઃખમાંથી મુક્તિ માટે, ક્યારેક સફળતાની સીડીઓ ચડવા માટે, તો ક્યારેક પડી ગયેલી આશાઓને ટેકો આપવા માટે માનવી ઈશ્વરને પ્રાર્થના સ્વરૂપે અરજી કરે છે. પરંતુ ઈશ્વરની મરજી ઘણી વખત આપણી અરજીથી જુદી દિશામાં વહેતી હોય છે. આપણે ઈશ્વરને યાદ કરીએ ત્યારે મોટાભાગે આપણો સ્વાર્થ આગળ હોય છે. ‘‘મને આ મળી જાય'',‘‘મારૂ દુઃખ દૂર થઈ જાય'', ‘‘મારો રસ્તો સહેલો થઈ જાય'' . અહીં 'મારું' શબ્દ મોટો બને છે અને 'મરજી' શબ્દ નાનો થઈ જાય છે. આપણે ઈશ્વર પાસે દુનિયા બદલવાની અરજી કરીએ છીએ, પરંતુ પોતાનું મન બદલવાની હિંમત નથી રાખતા. અહીંથી અરજી અને મરજી વચ્ચેનો તફાવત ઊભો થાય છે.

સત્ય એ છે કે ઈશ્વર આપણા મન માટે મજબુર નથી, અને આપણી ઈચ્છાનો ઓર્ડર લેવા બેઠેલા સેવક પણ નથી.આપણે એના દાસ છીએ અને એ તો ભક્તના મનનો મલિક છે અને આખા જગતનો મહાન શિલ્પકાર છે, જે ક્યારેક ઘા મારીને માણસને મૂર્તિ બનાવે છે. ઘણી વાર જે આપણે માંગીએ છીએ એ જ આપણું દુઃખ બની જાય છે અને જે આપણને ન મળે એ જ આપણું રક્ષણ બની જાય છે.જ્યારે આપણા રસ્તામાં રુકાવટ આવે,ત્યારે કદાચ ખાડો આગળ હશે જયારે દરવાજો બંધ થાય, ત્યારે કદાચ અંદર અંધકાર હશે.આપણી અરજી તાત્કાલિક સુખ માગે છે, ઈશ્વરની મરજી દીર્ઘકાલીન કલ્યાણ આપે છે.આપણી નજર આજ પર અટકે છે,ઈશ્વરની નજર આવતીકાલ પર હોય છે.

માનવી ફરિયાદ કરે છે ‘‘મેં એટલી પ્રાર્થના કરી છતાં મળ્યું નહીં!''પણ એ પૂછતો નથી કે ‘‘જો મળી ગયું હોત તો શું થાત?''ક્યારેક ન મળવું પણ ઈશ્વરની દયા હોય છે,અને મોડું મળવામાં ઈશ્વરની અગમચેતી હોય છે.જીવનમાં સમજણ એ દિવસે આવે છે જ્યારે માણસ કહે કે ‘‘હે ઈશ્વર, તું જે આપે તે સ્વીકારું છું અને જે ન આપે તે પણ તારી મરજી સમજી સ્વીકારું છું.''અહીંથી શાંતિનો માર્ગ શરૂ થાય છે, અહીંથી ફરિયાદની જ્વાળા શાંત થાય છે.આજના સમયમાં માણસ ઈશ્વરને માત્ર મુશ્કેલીમાં યાદ કરે છે, સુખમાં ભૂલી જાય છે.આ પણ એક અરજી છેઃ સુખમાં ભુલવાની, દુઃખમાં યાદ કરવાની. પરંતુ ઈશ્વરની મરજી તો એવી છે કે સુખમાં નમ્રતા શીખવે અને દુઃખમાં ધીરજ.સમાજમાં આપણે જોઈએ છીએ તે મુજબ અન્યાય વધે છે,અહંકાર વધે છે,સત્તા અને સ્વાર્થ આગળ આવે છે.

અહીં માનવી અરજી કરે છે પરિસ્થિતિ બદલાય તે માટે, પરંતુ પોતે બદલાવા તૈયાર નથી. ઈશ્વરની મરજી કદાચ એ જ છે કે પરિસ્થિતિ નહિ પણ માણસનું મન બદલાય. માનવી જ્યારે પ્રાર્થના કરે છે ત્યારે પોતાનું સુખ આગળ રાખે છે. તેને તરત જવાબ જોઈએ છે, તરત રાહત જોઈએ છે. પરંતુ ઈશ્વરની મરજી સમય અને પરિણામ બંને બાબતે વિશાળ હોય છે. જે આપણે માંગીએ તે હંમેશા આપણા હિતમાં જ હોય એવું નથી. ઘણી વાર ન મળવું પણ ઈશ્વરની કૃપા હોય છે, અને મોડું મળવું એ તૈયારીનો ભાગ. જો માનવી પોતાની ઈચ્છા સાથે ઈશ્વરની મરજીને સ્વીકારતા શીખી જાય, તો ફરિયાદની જગ્યાએ શાંતિ આવે. સમાજ બદલતા પહેલાં પોતાનું મન બદલાય એ જ ઈશ્વરની સાચી મરજી લાગે છે.

> માગ્યું તે બધું મળતું હોત જો ઈશ્વર પાસેથી,
> તો શીખવાનું શું બાકી હોત જીવન પાસેથી?
> જે ન મળ્યું એણે બચાવ્યું અનેક વાર,
> એ સમજાય છે બહુ મોડેથી ઘણીવાર.
> ન મળ્યું જે માંગ્યું, તે પણ દયાની નિશાની હતી,
> દુઃખની આ આંચમાં પણ શાંતિની કહાની હતી.
> સમજી ગયો 'મનન' હવે તારી મરજીનો અર્થ,
> હર ઇનકારમાં પણ તારી હા છુપાણી હતી.
> જ્યારે ઈચ્છા ઈશ્વરની મરજી સાથે મળે,
> ત્યારે ફરિયાદ શાંતિમાં મળે
> અને જ્યાં અહંકાર ઊભો રહે,
> ત્યાં પ્રાર્થના પણ ખાલી અવાજ બની રહે.

# ડેરી ફાર્મીંગ એ આવતી કાલનો વ્યવસાય છે





**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

બે-પાંચ વિઘા જમીન, થોડી મહેનત કરવાની તાકાત અને મનમાં સ્વાભિમાનની જયોત હોય અને વ્યવસાયની શોધમાં જો માણસ હોય તો ડેરી ફાર્મીંગ-પશુપાલન વ્યવસાય કરવા જેવો છે. આ ત્રણ વસ્તુ હોય તો ખેડૂતો,પશુપાલકો અને સ્વરોજગારી ઈચ્છનાર યુવાનો માટે ભવિષ્યના દ્વાર ખુલ્લી શકે તેમ છે. ગામડાઓ ખાલી થવાના મુખ્ય કારણોમાં એક છે. રોજગારીઓનો અભાવ અને શહેરોમાં મજુરી માટે થતુ સ્થળાંતર પરંતુ જો ખેતી સાથે પશુપાલનનો મજબૂત આધાર ઉભો કરવામાં આવે તો ખેતી પણ ટકાઉ અને ગામડુ પણ જીવંત બને.

ભૂતકાળમાં ગામડાઓમાં વહેલી પરોઢીએ આપણી માં-બેન દિકરીઓ મેળવણ કરેલા દહિંમાંથી છાશ વલોવતી. વલોણાનો અવાજ અને પ્રભાતિયા આજે વિસરાય ગયા. ઘરની સ્ત્રી દૂધ, ઘી વહેંચીને ઘરખર્ચ કાઢી લેતા હતા અને આજુ-બાજુના લોકો કે દુજાણુ ન હોય એવા લોકોને વિના મુલ્યે છાશ મળતી આજે ગામડાઓમાં પણ છાશની થેલી વેચાતી લેવી પડે એવા માનવ સર્જીત દિવસો આવ્યા છે.

નકલી સંબધોની જેમ આજે નકલીનો જમાનો છે. ગામડાઓમાં પશુપાલન નથી પણ માંગો એટલુ દૂધ અને દૂધની બનાવટો મળે જેમણે કયારેય ચોખુ દૂધ, ઘી, માખણ, દહિ કે છાશ ખાધા નથી એમને તો આ નકલીનો સ્વાદ સારો લાગે આમેય મહેનત વિના વસ્તુ ખાવાની ટેવવાળા લોકો માટે ભેળસેળ બરાબર છે. જે પ્રજા માય કાંગલી બનીને ભેળ સેળીયુ ખાવા ટેવાયેલી હોય તેનામાં જમીર અને જુનુન મરી ગયા હોય આ પ્રજા અવાજ ના ઉઠાવી શકે એવુ હુ સમજુ છું.

ભારતની ધરતી ઉપર દેશી જાતિની પ્રદેશ પ્રમાણે અનેક જાતો ગાયોની છે. બ્રાઝીલ દેશની ઈકોનોની પશુપાલન ગીર ગાય આધારી છે. આપણુ છે પણ તેની કિમત આપણને નથી. ગીર ગાય જેવી પ્રેમાળ ગાયની જાત દુધ માટે ઉત્તમ ગણાય છે. રોગ પ્રતિકારકશક્તિ સારી, ગાય કે ભેંસ માત્ર દૂધ પુરૂ પાડતી નથી, તે ખેડૂતોના જીવનમાં આર્થિક સુરક્ષા, દેશી ખાતર, ગોબરગેસ અને પ્રાકૃતિક ખેતીનો આધાર પણ છે.

પશુપાલન વ્યવસાયમાં એટલી મોટી તાકાત છે કે, તેના ગ્રાહકો શોધવા જવા પડે તેમ નથી. ગામડાઓમાં આવેલી દૂધ મંડળીઓ, ખાનગી ડેરીઓ, સિધા ગ્રાહકો સુધી વેચાણ કરવાના વિકલ્પો છે. દૂધ, ઉપરાંત દહિ, ઘી, છાશ અને પનિર બનાવી વધારાની સારી આવક પણ મેળવી શકાય તેમ છે. અને વ્યવસાયમાં કયારેય મંદિ આવે તેમ પણ નથી.

પશુપાલનથી પરીવારને રોજની દૈનિક આવક થાય તેમ છે. સ્ત્રીઓ પશુઓને નિરણ અને દોહવાનું કામ કરે અને યુવાનો પશુચારો અને દૂધ વેચાણ માટે પહોંચડવાની વ્યવસ્થા કરે જો ચારથી પાંચ દુધાળા પશુઓ હોય તો ૫ લીટર એક પશુ દુધ આપે તો ૨૫ લીટર એક ટામઈનું અને બે ટાઈમનુ ૫૦ લીટર દૂધ રૂ.૫૦ના ભાવથી વેચાણ થાય તો ૩૦૦૦ રૂપિયા રોજના મળે આ સરેરાશ છે. બાકી ૧૫થી ૨૦ લીટર દૂધ આપતી ગાયો છે. આજે ઘણા યુવાનો શહેરોમાં કોઈ ફેકટરી, દુકાન કે મહિલાઓ રાત દિવસ ભરતકામ કરીન રાત ઉજાગરા કરે, પોતાના પરિવારોને સમય ન આપી શકે તેવી હાલત છે. ખર્ચા અને દેવામાં ડૂબી જતા પરિવારો છે. છતાપણ પોતાની ખેતી સાથે પશુપાલન નથી અપનાવવુ તેની પાછળ મોજ શોખ અને દેખા -દેખી જ કારણ છે તેનાથી હવે સમાજના મોભી ઘરના સ્ત્રી-પુરૂષોએ જાગવુ પડશે.

રોજગારીમાં બનાસકાંઠા ઉત્તમ ઉદાહરણ છે. એકલા બનાસકાંઠા જિલ્લામાં પશુપાલકોને દૂધના મહિને ૧૫૦૦ કરોડ જેવી રકમ ચુકવવામાં આવે છે. આજે ખેતરમાં ભાગીયુ આપવુ હોય તો ભાગીયો પણ પુછે. ડ્રીપ છે, સ્પ્રીકલર છે. તો ભાગીયુ રાખવુ છે. છાણથી લઈને દૂધ અને દૂધથી લઈને મધ સુધીની લાખોની આવક મળી રહી છે. તેમા પરિશ્રમ છે. ખેડૂત નેતા શંકરભાઈ ચૌધરીના બનાસકાંઠાની કયારેક મુલાકાત લેવા જેવી છે.

રાત-દિવસ કામ પછી જયાં મજુરના-મજુર રહેવાના હોઈએ કયારેય માલિક નથી બનવાના પગાર મર્યાદિત, વિકાસની તક મર્યાદિત જયારે ખેતી સાથે પશુપાલન વ્યવસાય અપનાવો એટલે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની અનેક સહાય યોજનાઓ અમલી છે. તેનો પણ લાભ મળે. આજે ભણેલા-ગણેલા યુવાનો ન્યુ એગ્રી સ્ટારઅપમાં આવી રહ્યા છે. પશુપાલન માત્ર વ્યવસાય નથી એ સ્વાભિમાનનો માર્ગ છે. ગામડાઓને જીવંત રાખવાનો સંકલ્પ છે. એ બાળકો અને પરીવારોને સુરક્ષિત બનાવવાનો આધાર છે. જો મહેનત કરવાની તાકાત છે. તો ગામડાઓમાં વિશાળ તકો છે. પશુપાલન અપનાવો, ખેતી અને ગામ બચાવો અને પોતાના જીવનનાં માલિક બનો.

**:: તિખારો ::**

**આજનો માણસ પોતાના સ્વાર્થ અને ખોટી પ્રગતિ માટે શર્ટ બદલે તેમ સંબંધો બદલી રહ્યો છે. છીછરા સંબંધો રાખવા કરતા એક શ્રેષ્ઠ સંબંધ રાખજો દુઃખી નહી થવુ પડે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

**તલ** : તલનાં પાનનો સુકારો (ફાઈરોપ્થોરા બ્લાઈટ) રોગના લક્ષાણો : આ રોગ ફાઈટોપ્થોરા સીસેમી ફુગથી આવે છે. છોડના અવશેષો અને જમીનમાં આ રોગના જીવાણુઓ હોવાથી વધુ ભેજવાળા અને વધુ વરસાદ વાળા વર્ષોમાં વિશેષ્ જોવા મળે છે. આ રોગને ઉષ્ણતામાન ૨૫૦ થી ૨૮૦ સેન્ટીગ્રેડ વધારે અનુકુળ આપે છે. આ ફુગની શરૂઆત નાનો છોડ હોય ત્યાર થી પાન ઉપર આછા ભુખરા પાણી પોચા ચાંઠા ઓથી થાય છે અને આ ચાંઠાઓ વધે છે. આ રોગ દાંડી અને ફુલ નાં ભાગો પર જોવા મળે છે, આ રોગની વધુ તીવ્રતા થી તલની શીંગો ચિમળાઈ જાય છે અને દાણા બેસતા નથી.

**નિયંત્રણ :-** ● કોપર ઓકઝીકલોરાઈડ (તાંબાયુકત ફુગનાશક દવા ૦.૨ ટકા) ૪૦ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ પ્રથમ રોગ દેખાય ત્યારે કરવો અને બીજો છંટકાવ ઝાઈનેબ અથવા મેન્કોઝેબ ૨૬ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળીને ૧૫ દિવસનાં અંતરે કરવો.

**નિંદામણ અને આંતરખેડ** : જરૂરીયાત મુજબ બે થી ત્રણ નિંદામણ અને એક થી બે આંતરખેડ કરવી. મજૂરની અછત હોય તો નિંદામણ નાશક દવા એલાકલોર

| ક્રમ | જંતુનાશક દવાનું નામ | જંતુનાશકદવાનો જરૂરી જથ્થો (૧૦લિટરપાણીમાં) |
|---|---|---|
| અ | ઈમીડાકલોપ્રીડ૧૭.૫એસ.એલ. | ૪મિ.લિ. |
| બ | એસીટામીપ્રીડ૨૦એસ.પી. | ૩ગ્રામ |
| ક | થાયોમેથોકઝામ૨૫ડબલ્યુ. જી. | ૩ગ્રામ |

૧.૫ કિલો/હેકટર પ્રમાણે પાકની વાવણી બાદ અને ઊગ્યા પહેલા જમીન ઉપર છંટકાવ કરવો અથવા તો કવીઝાલોફોપ ઈથાઈલ ૦.૦૫ કિલો/હેકટર પ્રમાણે વાવણી બાદ ૧૫ દિવસે ઉગેલા નિંદામણ ઉપર છંટકાવ કરવો.

**મગફળીઃ** (૧) બીજુ પિયત ૧૮થી૨૦ દિવસે, વાનસ્પતિક વૃદ્ધિ પર અંકૂશ રાખવા, (૨) ત્રીજુ અને ચોથુ પિયત ૩૦અને ૪૦ દિવસે, જમીનમાં સૂયા બેસતી વખતે (૩) મોલો/તડતડીયા/થ્રીપ્સનાં નિયંત્રણ માટે મગફળીના પાકમાં શરૂઆતના તબકકામાં મોલોમશી, તડતડીયા(જેસીડ), થ્રીપ્સ જેવી ચુસીયા પ્રકારની જીવાતનો ઉપદ્રવ થતો હોયછે. આના નિયંત્રણ કરવા માટે નીચેના પૈકી કોઈ પણ એક જંતુનાશક દવાનો છંટકાવ કરવો;

૪ મગફળી પાકમાં સમયસર નિંદામણ ન કરવામાં આવેતો ૨૦થી૪૫ % સુધીનો ઉત્પાદનમાં ઘટાડો નોંધાયેલ છે. મગફળીના પાકને પ્રથમ ૪૫ દિવસ નિંદામણ મુકત રાખવો ખૂબજ જરુરી છે. ટીકકા તથા ગેરુ રોગના નિયંત્રણ માટે ડાયથેન-એમ-૪૫, ૨૫ ગ્રામ અથવા બાવીસ્ટીન ૫ ગ્રામ દવા વારા-ફરતી ૩૦, ૫૦ અને ૭૫ દિવસે ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો અથવા કલોરોથેલોનીલ ૨૫ ગ્રામ અથવા હેકઝાકોનેઝોલ ૫ મિ.લિ. દવા ૧૦ લીટર પાણીમા છાંટવું.

પંચરંગિયો (અડદ, ચોળા)રોગના લક્ષાણો : છોડના પાન પર મોટા પહોળા, આછા લીલાથી ઘેરા લીલા રંગના ધાબા જોવા મળે છે. રોગવાળુ પાન દાઝયાના ફોલા પડયા હોય તેમ ઉપસી ગયેલ જોવા મળે છે. છોડની વૃધ્ધિ અટકી જાય છે.

પીળો પંચરંગિયો(મગ) રોગના લક્ષાણો : રોગિષ્ટ પાન પર ચળકતા પીળા રંગના ડાઘા જોવા મળે છે. કુમળા પાન સંપૂર્ણ પીળા પડી જાય છે. પાનનો લીલો ભાગ સહેજ ઉપસેલો જણાય છે.

**મગ :** ● રાજયના ઉનાળુ ઋતુમાં મગ ઉગાડતા ખેડૂતો માટે ગુજરાત મગ કે-૮૫૧ મગ ૩ .૪ અને ૧૦ નું વાવેતર કરવું રાસાયણિક ખાતર ૨૦ કિલો નાઈટ્રોજન અને ૪૦ કિ.ગ્રા ફોસ્ફરસ પ્રતિ હેકટરે આ માટે હેકટરે ૮૮ કિલો ડી. એ. પી.(વિઘે ૨૨ કિલો) આપવાથી બંને જરૂરી તત્વો મળી રહે છે. નાઈટ્રોજન અને ફોસ્ફરસની લભ્યતા વધારવા માટે બીજને અનુક્રમે રાઈઝોબીમ અને ફોસ્ફેટ સોલ્યુબીલાઈઝીંગ બેકટેરીયા (પી..એસ.બી.) કલ્ચરની માવજત આપવામાં આવે તો લાભ થાય છે. પાયામાં જમીનમાં ગંધકની ઉણપ હોય તો ૨૦ કિલો/ હે. ગંધક આપવું

**ચોળી :** જી.એફ.સી.-૧, જી.એફ.સી.-૨, જી.એફ.સી.-૩, જી.એફ.સી.-૪ અને ઈસી-૪૨૧૬ જાતનું વાવેતર કરવું

**પપૈયાઃ**

● થડનો કોહાવારો પપૈયાના પાકમાં જમીનની નિતારશકિત વધારવાથી થડનો કહોવારો (કોલર રોટ) રોગની તિવ્રતા ઘટે છે. પપૈયા અને તુવેરના પાકમાં છોડના થડ અને જમીન ભીંજાય તે રીતે કોપર ઓકઝીકલોરાઈડ (૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણી)નું દ્રાવણ ડ્રેન્ચિંગ કરવાથી રોગનું નિયંત્રણ થાય છે.

● ઉનાળુ મગફળી માં ૧૯-૧૯-૧૯ % ના-ફો-પો વાવેતર બાદ ૪૫ અને ૬૦ દિવસે છંટકાવ કરવો.

નિદામણ ઓછું કરવા માટે

● નિંદણમુકત, શુધ્ધ અને પ્રમાણીત બીજનો વાવણી માટે ઉપયોગ કરવો.

● સંપૂર્ણ કોહવાયેલું છાણીયુ/કમ્પોસ્ટ ખાતરનો જ ઉપયોગ કરવો

● પશુઓને નિંદણના બીજથી મુકત લીલો કે સુકો ચારો નાખવો.

● જાનવરોને નિંદણવાળા ચરીયાણ વિસ્તારમાંથી ખેતી લાયક વિસ્તારમાં પ્રવેશતા અટકાવવા.

● જાનવરોને પાકટ નિંદણોવાળા વિસ્તારમાં ચરાવવા નહીં.

● ખેત ઓજારોને નિંદણોના બીજથી મુકત રાખવા અને ઉપયોગ કર્યા પછી સાફ કરવા.

● પિયતની નીકો, ઢાળીયા, પાળીયા, નહેર, ખેતરના ખુણાં, વાડ, શેઢા વગેરે નિંદણોથી મુકત રાખવા.

● ખળાની તથા તેની આજુબાજુની જગ્યા નિંદણમુકત રાખવી.

● ફેરરોપણી સમયે નિંદણોના છોડ કાળજીપૂર્વક દૂર કરવા.

● નિંદણોના બીજવાળી માટીનું બીજી ખેડાણવાળી જમીનમાં સ્થળાંતર કરવુ નહીં.

● નિંદણને બીજ બેસતાં પહેલાં કાપી કે બાળી નાખવા.

નીંદણનાશક દવા છાંટતી વખતે શું કાળજી રાખવી ?

● દવા ખરીદતી વખતે તેની અવધી (એકસપાઈરી ડેઈટ)ની ચોકસાઈ કરી લેવી.

● ભલામણ કરેલ દવાનો જ જે તે પાકમાં ઉપયોગ કરવો.

● ભલામણ કરેલ સમયે જ અને તેટલી જ માત્રામાં દવાનો ઉપયોગ કરવો.

● વધુ પડતો કે તોફાની પવન હોય ત્યોરે છંટકાવ કરવો નહીં.

● એકસરખા છંટકાવ માટે ફલેટ ફેન અથવા ફલડ જેટ નોજલનો ઉપયોગ કરવો.

● દવા છાંટનારે હાથમાં મોજા કે અન્ય રક્ષણાત્મીક વસ્ત્ર પહેરવા.

● નીંદણનાશક દવા માટે અલગ પંપ રાખવો.

● સતત એક જ પ્રકારની દવાનો વારંવાર ઉપયોગ ન કરવો.

ખેતપેદાશોના વેચાણ માટે ધ્યાનમાં રાખવાના મુદાઃ

● ખેડુતોએ બજારની સ્પર્ધામાં ટકી રહેવા અને ભાવની સોદાબાજીમાં પ્રભુત્વ મેળવવા માટે સહકારી મંડળી અને ખેડૂત ઉત્પાદક સંગઠનો (ઁ) દ્વારા એક જૂથ થઈને ઉત્પાદનોનું વેચાણ કરવું જોઈએ.

● ખેડૂતોએ વધુ ભાવ મેળવવા ડાયરેક્ટ માર્કેટિંગ (અંતિમ ગ્રાહકોને સીધે સીધું વેચાણ) અપનાવવું જોઈએ. જે અંતર્ગત ફળ-શાકભાજી, અનાજ અને કઠોળને ખેડૂત મંડી, યુ-પીક માર્કેટ, ખેતર નજીક પસાર થતા મુખ્ય ચાર રસ્તા પાસે સ્ટેન્ડબનાવી, હોટલો, વગેરે વેચાણ કરવું જોઈએ.

● કરાર આધારિત ખેતી પધ્ધતી અપનાવી, અગાઉથી જ નક્કી કરેલા ભાવે ઉત્પાદક કંપની, વેપારી તથા નિકાસકારોને વેચાણ કરવું જોઈએ.

● સરકારશ્રી દ્વારા હાલમાં ખેડૂત લાભાર્થે શરુ થયેલ 'ઈ-નામ' કે જે ખેત પેદાશોના ખરીદ વેચાણ માટેનું ઈલેક્ટ્રોનિક મંચ છે તેની તાલીમ લઈ અને કાર્યપધ્ધતિ સમજાવી જોઈએ. 'ઈ-નામ' દ્વારા ખેડૂત મિત્રો ઘરે બેઠા સમગ્ર દેશના બજારનાં ભાવ જાણીને પારદર્શક રીતે ખેત પેદાશોનું વેચાણ કરી શકે છે.

● નાના અને સીમાંત ખેડૂતોએ પોતાની ખેત પેદાશોને એક સાથે અને સામુહિક જથ્થામાં નજીકના બજારમાં વેચાણઅર્થે જવું જોઈએ જેથી વેચાણને લાગતો ખર્ચ પણ ઓછો કરી શકાય અને વધારે નફો મેળવી શકાય.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨









# કૃષિ ક્ષેત્રે પાક અવશેષનો જમીન ફળદ્રુપતા માટે ઉપયોગ



ભારત દેશમાં કુદરતી બક્ષિસ રૂપે દરેક પ્રકારનું વાતાવરણ ઉપલબ્ધ હોઈ જુદા જુદા ખેત- હવામાન વિસ્તારોમાં વિવિધ પ્રકારના પાકોની ખેતી થાય છે. વિવિધ પાકોની ખેતી દરમ્યાન નોંધપાત્ર માત્રામાં પાક અવશેષો પેદા થાય છે જેને પાકનો કચરો (ક્રોપ વેસ્ટ) કહે છે. પાકની કાપણી બાદ ખેતરમાં પડી રહેતા પાકના ભાગો કે જેનું કોઈ મહત્ત્વ નથી તેને પાક અવશેષ કહે છે. ભારતમાં અંદાજે ૮૦૦૦ લાખ ટનથી વધુ પાક અવશેષો દર વર્ષે પેદા થાય છે. કુલ અવશેષોના ઉત્પાદનમાં ડાંગર અને ઘઉં બંનેનો ફાળો મુખ્ય છે.

**પાક અવશેષોને સામાન્યતઃ બે ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે.**

(૧) ખેતરોમાંના પાક અવશેષો જેવા કે ડાંગરનું પરાળ,ઘઉંનું પરાળ,મકાઈનાં રાડાં, કપાસની સાંઠી વગેરે (૨) કૃષિ પેદાશના પ્રોસેસિંગ બાદ મળતા પાક અવશેષો જેમાં ડાંગરની ફોતરી, ટી વેસ્ટ, શેરડીના કૂચા, ફળ અને શાકભાજીનો કચરો વગેરે પાક અવશેષો સળગાવવાના કારણો : ખેડૂતો દ્વારા બીજા પાકની વાવણી કરવા માટે ખેતરને ચોખ્ખું રાખવા અગાઉના પાકના અવશેષોને સામાન્ય રીતે સળગાવવામાં આવે છે. આ માટેના મુખ્ય કારણો નીચે દર્શાવેલ છે. (૧) ડાંગરની કાપણી પછી બીજા પાકની વાવણી કરવા માટે બહુ જ ઓછો સમય રહેતો હોઈ ખેડૂતો પાક અવશેષોને સળગાવે છે. (૨) યાંત્રિક સાધનો દ્વારા કાપણી થવાથી ખેતરમાં મોટા પ્રમાણમાં પાક અવશેષો પડી રહે છે. (૩) પાક અવશેષોને એકઠા કરવા માટે મજૂરોની ખેંચ,પરિવહન ખર્ચ તથા મજૂરી વધી જાય છે. (૪ ) ખેડૂતો ઘઉંના પરાળને સૂકાચારા તરીકે પસંદ કરે છે, જ્યારે ડાંગરના પરાળ પ્રત્યે ઉપેક્ષા દાખવે છે (૫) પરાળનો ઘાસચારા તરીકે સંગ્રહકરવાની જગ્યાનો અભાવ છે. (૬) પાક અવશેષોના પોષણમૂલ્ય અને જમીનની ફળદ્રુપતા અંગે ખેડૂતોમાં જાણકારીનો અભાવ છે.

**પાક અવશેષોને સળગાવવાનું ટાળો** : અંદાજે દર વર્ષે ૫૦૦ લાખ ટન પાક અવશેષોને ખેતરોમાં સળગાવવામાં આવે છે. પાક અવશેષોને સળગાવતાં પર્યાવરણીય પ્રદૂષણ પેદા થાય છે અને જમીનમાંના સૂક્ષ્મજીવો પર હાનિકારક અસર થતાં જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થાય છે જેથી પાક અવશેષોની યોગ્ય વ્યવસ્થા કરવી ખાસ જરૂરી છે. દેશના વિભિન્ન રાજ્યોમાં પાકની કાપણી બાદ દર વર્ષે પાક અવશેષોને બાળવાથી થતી ખરાબ અસરો સામાન્ય પણે જોવા મળે છે. જેના કારણે લોકોમાં શ્વોસોચ્છવાસ સંબંધી તકલીફો પેદા થાય છે. આ ઉપરાંત નીચેના મુખ્ય કારણોસર પાક અવશેષોને બાળવા જોઈએ નહિં.

**૧) પોષક તત્વોનો ઘટાડો** :પાક અવશેષોમાંથી અંદાજે ૩૦-૪૦ ટકા નાઈટ્રોજન અને ફોસ્ફરસ, ૫૦ ટકા સલ્ફર અને ૭૫ ટકા પોટેશિયમ પરત મેળવી શકાય છે. આ ઉપરાંત પાક અવશેષ મુખ્ય સૂક્ષ્મતત્વોના સ્રોત પણ છે. જ્યારે પાક અવશેષોને બાળવામાં આવે છે ત્યારે પોષકતત્વો અને સેન્દ્રિય તત્વોનો નાશ થાય છે અને તેને પરિણામે મોટા જથ્થામાં સેન્દ્રિય તત્વોનો નાશ થાય છે જે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતાને નબળી બનાવે છે.

**(૨) જમીનના સૂક્ષ્મજીવો ઉપર નકારાત્મક અસરઃ** ખેતરોમાં જ્યારે પાક અવશેષો બાળવામાં આવે છે ત્યારે સખત ગરમી પેદા થાય છે, જેના લીધે જમીનમાં રહેલ ફાયદાકારક સૂક્ષ્મજીવો નાશ પામે છે જેની ખરાબ અસર જમીનની વિવિધ ક્રિયાઓ ઉપર થાય છે. **(૩) પર્યાવરણીય પ્રદૂષણ અને આરોગ્યલક્ષી જોખમો** :પાકના અવશેષો કાર્બન, હાઈડ્રોજન, નાઈટ્રોજન, સલ્ફર વગેરેથી બનેલા છે. કૃષિના અવશેષો સળગાવતાં મોટા પ્રમાણમાં વાયુ પ્રદૂષકો જેવા કે, કાર્બન ડાયોકસાઈડ, નાઈટ્રસ ઓકસાઈડ,મિથેન,સલ્ફર ડાયોકસાઈડ સ્થાયી અને અસ્થાયી કાર્બનિક સંયોજનો અને ધુમાડો વગેરે પેદા થાય છે. આવા ગ્રીનહાઉસ ગેસ વાતાવરણની ગરમીમાં વધારો કરે છે જેને ગ્લોબલ વૉર્મિંગ કહે છે. આવા પ્રદૂષકો વાતાવરણમાં જીવ જંતુઓ માટે હાનિકારક વાતાવરણ પુરૂ પાડે છે, જે માનવમાં હૃદયરોગ, સ્ટ્રોક, ફેફસાનો રોગ , ફેફસાનું કેન્સર વગેરે રોગો થવા માટે જવાબદાર છે. **૪) આર્થિક પાસુ** :ખેતીના પાક અવશેષો એ કચરો નથી પરંતુ ખેતીની સંપત્તિ છે. તેને બાળવાને બદલે તેનો એક સંસાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ. તેના વૈકલ્પિક ઉપયોગો અત્રે દર્શાવેલ છે

**પાક અવશેષોની ગાંસડીઓ બનાવવી** : વિવિધ હેતુઓ મુજબ ખેતરમાંથી પાક અવશેષોને દૂર કરવા માટેની મશીનરીઓ બજારમાં ઉપલબ્ધ છે (ગાંસડી બાંધવાનું મશીન-બેલર) ડાંગર, ઘઉં, શેરડી, કઠોળ વગેરેના પાક અવશેષો ઉપર દબાણ લાવી તે ગાંસડી બાંધવાનું કામ કરે છે જેથી પાક અવશેષોને સરળતાથી ઉપાડી શકાય છે, હેરફેર કરી શકાય છે અને સંગ્રહ કરી શકાય છે. આવી ગાંસડીઓ નીચેના હેતુઓ માટે ઉપયોગમાં લઈ શકાય છે. પશુઓના ખોરાક તરીકે :પશુઓના ખોરાક માટે લીલો ચારો અને સૂકો ચારો ની ઘટ છે. આ ઘટ સૂકાયેલ પાક અવશેષોને પોષકતત્વોથી સમૃદ્ધ બનાવી પશુઓને આપી દૂર કરી શકાય તેમ છે. સૂકા પાક અવશેષોની ગુણવત્તા જરૂરિયાત મુજબ માવજત આપીને સુધારી શકાય છે.

**ભૌતિક માવજત** : પાક અવશેષોના નાના કટકા કરવા, ભીંજવવા અને પેલેટ બનાવવી જેથી તેનું કદ ઘટે અથવા વરાળની માવજત આપવી. આ પ્રકારની માવજત કરતાં લિગ્નિન અને સિલિકામાં ઘટાડો થતાં ચારાની **ગુણવત્તામાં સુધારો થાય છે. જૈવિક માવજત** : આ જાતની માવજતમાં ઉત્સેચક અને ફૂગનો ઉપયોગ કરવામાં આવે છે કે જે લિગ્નિનનું અધઃપતન કરે છે. સામાન્ય રીતે આ માટે બેસિડીયોમાયસીટસ નામની ફૂગનો ઉપયોગ કરવામાં આવે છે. **રાસાયણિક માવજત** : રાસાયણિક માવજતમાં આલ્કલાઈન, એસિડિક અથવા ઓક્સિડેટિવ એજન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. આલ્કલાઈન એજન્ટસ (જેવા કે સોડિયમ હાઈડ્રોકસીડ , લાઈમ યુરિયા) નો મોટાપાયે ઉપયોગ થાય છે. તેની માવજત આપતાં તે કોષ દિવાલમાં શોષાય છે અને લિગ્નિન, હેમિસેલ્યુલોઝ અને સેલ્યુલોઝ વચ્ચે રહેલ એસ્ટર બોન્ડને તોડી નાખે છે. આ પ્રકારની માવજતને પરિણામે સૂકા પદાર્થની પાચ્યતા અને ગ્રહણશક્તિ વધે છે. સૂકા પદાર્થને સમૃદ્ધ બનાવવા માટે રસાયણો/પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે પાક અવશેષોને સમૃદ્ધ બનાવવા માટે બે રીતોનો ઉપયોગ થાય છે.

(૧) સૂર્યપ્રકાશમાં ટુકડા કરેલ પરાળમાં પડ ઉપર સમૃદ્ધ પ્રવાહી દ્રાવણનો છંટકાવ કરવો અને સંપૂર્ણ ગાંસડીઓ ઉપર સમૃદ્ધ પ્રવાહી દ્રાવણનો છંટકાવ કરવો. **(૨) પશુઓ માટેની પથારી તરીકે** : પાક અવશેષોનો પશુઓની પથારી તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. ડાંગરનું પરાળ સ્વચ્છ, આરોગ્યલક્ષી, સૂકી અને આરામદાયક અને લપસી ન પડાય તેવું પર્યાવરણ પૂરૂ પાડે છે. શિયાળાની ઋતુમાં શરીરની ગરમીને બહાર જતી અટકાવી તંદુરસ્ત રાખી દૂધ ઉત્પાદનમાં સુધારો કરે છે. **૩) પેપર ઉદ્યોગ માટે કાચો માલ** : પાક અવશેષો ફાયબર બોર્ડ અને કાગળ બનાવવા માટેનો કાચો માલ પૂરો પાડે છે. પેપર ઉદ્યોગમાં પરાળ અને શેરડીના કૂચા જેવા પાક અવશેષોનો મુખ્યત્વે ઉપયોગ થાય છે.

**(૪) બળતણ તરીકે** : જૈવિક બળતણ પેદા કરવા માટે કૃષિની આડપેદાશો એક અગત્યનો ઊર્જા સ્રોત છે. કૃષિની આડપેદાશો એટલે કે કચરાનો સીધો જ બળતણ તરીકે ઉપયોગ કરી શકાય નહી. કારણ કે, તે મોટા જથ્થામાં હોઈ વધુ ધૂમાડો પેદા કરે છે. તેથી તેની બ્રિકેટસ બનાવી બળતણ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. આવી બ્રિકેટસ બનાવવા માટે ડાંગરનું પરાળ, શેરડીના કૂચા, મકાઈનાં રાડાં, નાળિયેરની છાલ અને પાંદડાં, મગફળીનાં ફોતરાં અને ડાંગરની ફોતરીનો ઉપયોગ કરવામાં આવે છે. કૃષિના કચરા (લિગ્નોસેલ્યુલોસિક પદાર્થ) નો બાયોઈથેનોલ અને બાયોગેસ પેદા કરવા માટે ઉપયોગ કરી શકાય કારણ કે પાક અવશેષો કિંમતમાં સસ્તા વાપરી શકાય તેવા અને ભરપૂર માત્રામાં છે. **(૫) બાયોચાર ઉત્પાદન** : વધારાના પાક અવશેષોનો બાયોચાર બનાવવા માટે ઉપયોગ કરી શકાય છે જે ઊંચા પ્રમાણમાં સેન્દ્રિય કાર્બન ધરાવતો ચારકોલ છે. તે ભૌતિક અને રાસાયણિક ગુણોને જાળવી જમીનને સારી બનાવે છે એટલે કે સોઈલ કન્ડિશનર તરીકેનું કાર્ય કરે છે. **(૬) કમ્પોસ્ટિંગ તરીકે** : કમ્પોસ્ટ ખાતર બનાવવા માટે કૃષિનો કચરો કાચો માલ પૂરો પાડે છે. ખાતરના ખાડામાં પાકના અવશેષોનો પથારી તરીકે ઉપયોગ કરવામાં આવે છે. એક કિલોગ્રામ પરાળ ૨ થી ૩ કિ.ગ્રા. મૂત્રને શોષીને નાઈટ્રોજન સમૃદ્ધ બનાવે છે. ડાંગરના પરાળને રોક ફોસ્ફેટનો ઉપયોગ કરી સમૃદ્ધ બનાવતાં મૂલ્ય વર્ધક કમ્પોસ્ટ તૈયાર થાય છે પાક અવશેષોનો વર્મિકમ્પોસ્ટ બનાવવા માટે પણ ઉપયોગ કરી શકાય છે. **(૭) મશરૂમની ખેતી** : ડાંગર અને ઘઉંના પરાળનો ઉપયોગ કરી સફેદ બટન મશરૂમ અને ડાંગરની તૃણ મશરૂમનું ઉત્પાદન મેળવી શકાય છે. મશરૂમનું ઉત્પાદન પરાળના અખાદ્ય પદાર્થનું પ્રોટીનથી સમૃદ્ધ પદાર્થમાં રૂપાંતર કરે છે. ડાંગર તૃણ મશરૂમ એ ઊંચા ઉષ્ણતામાનમાં ઉષ્ણ અને ઉપોષ્ણ કટીબંધવાળા વિસ્તારમાં થઈ શકે છે. આ સિવાય કપાસનો કચરો, કેળના સૂકા પાંદડાં, કાનફૂટી વગેરેમાં પણ આ મશરૂમ ઉગાડી શકાય છે. પરંતુ ડાંગરના પરાળ જેટલું ઉત્પાદન મળતું નથી. **૮) સપાટી પર અવરોધ અને આવરણ (મલ્ચીંગ)**:ખેતરમાં પાકની કાપણી અવશેષોને કટકા કરી અથવા આખા જ રાખી મૂકતાં તે મલ્ચ (આવરણ) તરીકેનું કાર્ય કરે છે. મલ્ડિંગના અનેકવિધ ફાયદાઓ છે. જેવા કે, જમીનમાં ભેજનું સંરક્ષણ, નીંદણને દબાવી દેવા, ઉષ્ણતામાનમાં ઘટાડો કરવો, જમીનનું ધોવાણ અટકાવવું, સેન્દ્રિય કાર્બનનો ઉમેરો કરવો વગેરે. સપાટી પરનું આવરણજમીનના ઉપરના સ્તરમાં સેન્દ્રિય કાર્બન અને કુલ નાઈટ્રોજનનો વધારો કરે છે. તેમ છતાં જો વધારે પ્રમાણમાં પાક અવશેષો હોય તો જમીનની સપાટી ઉપર મશીનરી ચલાવવામાં અને પિયત વ્યવસ્થામાં મુશ્કેલી પેદા કરે છે એટલે પાક અવશેષોનું આદર્શ પ્રમાણ આવરણ તરીકે હોવું જોઈએ. સંશોધન મુજબ હેકટર દીઠ જમીનની સપાટી ઉપર ૪ થી ૫ ટન પાક અવશેષો મલ્ટિંગ માટે રાખવા જોઈએ. **૯) સપાટી પર અવરોધ અને આવરણ (મલ્ચીંગ)**: ખેતરમાં પાકની કાપણી અવશેષોને કટકા કરી અથવા આખા જ રાખી મૂકતાં તે મલ્ચ (આવરણ) તરીકેનું કાર્ય કરે છે. મલ્ચીંગના અનેક ફાયદાઓ છે. જેવા કે, જમીનમાં ભેજનું સંરક્ષણ, નીંદણને દબાવી દેવા, ઉષ્ણતામાનમાં ઘટાડો કરવો, જમીનનું ધોવાણ અટકાવવું, સેન્દ્રિય કાર્બનનો ઉમેરો કરવો વગેરે. સપાટી પરનું આવરણજમીનના ઉપરના સ્તરમાં સેન્દ્રિય કાર્બન અને કુલ નાઈટ્રોજનનો વધારો કરે છે. તેમ છતાં જો વધારે પ્રમાણમાં પાક અવશેષો હોય તો જમીનની સપાટી ઉપર મશીનરી ચલાવવામાં અને પિયત વ્યવસ્થામાં મુશ્કેલી પેદા કરે છે એટલે પાક અવશેષોનું આદર્શ પ્રમાણ આવરણ તરીકે હોવું જોઈએ.

**૧૦) પાક અવશેષો જમીનમાં ઉમેરવાઃ**અવશેષોને પાક જમીનમાં ઉમેરી પોષકતત્વોનો ભંડાર ઊભો કરી શકાય છે. તે એકંદરે જમીનની તંદુરસ્તીમાં વધારો કરે છે જેમ કે માટી એકત્રિકરણ, કાર્બનિક પદાર્થનો ઉમેરો, સ્થૂળ ઘનતામાં ઘટાડો કરવો, જમીનની જળધારણ શક્તિમાં વધારો કરવો અને જમીનમાં સૂક્ષ્મજીવોની પ્રવૃત્તિઓમાં વધારો કરવો વગેરે આમ જમીનમાં પાક અવશેષો ઉમેરાતાં તે જમીનની ફળદ્રુપતા જાળવી રાખી જમીનની ઉત્પાદકતામાં વધારો કરે છે. પાક અવશેષો એ અંક સંપત્તિ છે, જેની જાળવણી કરવી એ આપણી જવાબદારી છે. આથી ઉપરોક્ત વૈકલ્પિક ઉપયોગો હાથ ધરી સંપત્તિનું ન સર્જન કરવું જોઈએ.

ડો. આર.કે. કલારિયા અને ડો. એસ.એસ. પાટીલ
૧. અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫ ૦૦૭
૨. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરુચ -૩૯૨ ૦૧૨

# હિન્દુ સમાજ એક જૂથ થઈને રહેશે ત્યાં સુધી વિશ્વની કોઈ શક્તિ ભારતને નુકસાન નહી પહોંચાડી શકે : સંઘ


જયપુર, તા.૨૨



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ જણાવ્યું છે કે, આઝાદીના દાયકાઓ પછી ભારત પાસે વિશ્વમાં પોતાનું સન્માન પુનઃપ્રાપ્ત કરવાની સુવર્ણ તક છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, જ્યાં સુધી હિન્દુ સમાજ એકજૂથ રહેશે, ત્યાં સુધી વિશ્વની કોઈ પણ શક્તિ ભારતને નુકસાન પહોંચાડી શકશે નહીં. જયપુરમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે ઉમેર્યું કે આપણા પૂર્વજોએ ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે જે બલિદાન આપ્યા છે, તેને એળે ન જવા દેવા જોઈએ. આજે ભારત વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે સમાજની આંતરિક એકતા જ દેશને અજેય બનાવશે. બીજી તરફ, સંઘ પ્રમુખ મોહન ભાગવતે પણ સામાજિક સમરસતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, હિન્દુ સમાજ સામે સીધો કોઈ ખતરો નથી, પરંતુ વસ્તીમાં ઘટાડો અને લાલચ કે દબાણ વશ થતું ધર્માંતરણ ચિંતાનો વિષય છે. તેમણે 'ઘર વાપસી' અભિયાનને વેગ આપવા અને ગેરકાયદેસર ઘૂસણખોરી રોકવા પર ભાર મૂક્યો હતો. ભાગવતજીના મતે, સનાતન વિચારધારા ભેદભાવ ભૂલીને એકતામાં માનવા પ્રેરે છે, જે આજના સમયની માંગ છે.

# ઓડિશામાં ભયાનક માર્ગ અકસ્માત : ટ્રેલર અને પોલીસ વાહન વચ્ચેની ટક્કરમાં ૫ પોલીસકર્મીઓના કરૂણ મોત


અંગુલ, તા.૨૨



ઓડિશાના ઝારસુગુડા જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઝારસુગુડા સદર પોલીસ સ્ટેશનની બરાબર સામે એક પૂરપાટ ઝડપે આવતા ટ્રેલરે પોલીસની બોલેરો વાન (PCP)ને જોરદાર ટક્કર મારતા ફરજ પરના ૫ પોલીસકર્મીઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે ૩ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા છે. ટક્કર એટલી ભીષણ હતી કે પોલીસ વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. મૃતકોમાં ડ્રીલ સબ-ઈન્સ્પેક્ટર નિરંજન કુજુર, એપીઆર જવાન કાશીરામ ભોઈ અને દેબદત્ત સા, હવાલદાર લિંગરાજ ધુરુઆ અને હોમગાર્ડ ભક્તબંધુ મિર્ધાનો સમાવેશ થાય છે. અન્ય ઈજાગ્રસ્ત જવાનોને તાત્કાલિક જિલ્લા મુખ્યાલય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ટ્રેલર ચાલકની અટકાયત કરી અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી મૃતક જવાનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ ઘટનાથી સમગ્ર ઓડિશા પોલીસ વિભાગ અને જિલ્લામાં શોકની લહેર ફેલાઈ ગઈ છે.

# પીએમ મોદીના કાર્યોની વૈશ્વિક સ્તરે પ્રશંસા : રાજયપાલ આરિફ મોહમ્મદ ખાન

નવી દિલ્હી, તા.૨૨



નવી દિલ્હીમાં આલોક મહેતાના પુસ્તક 'રિવોલ્યુશનરી રાજ' ના વિમોચન પ્રસંગે આરિફ મોહમ્મદ ખાને વડાપ્રધાન મોદીના ૨૫ વર્ષના શાસનની પ્રશંસા કરી હતી. તેમણે સ્વીકાર્યું કે ૨૦૦૨ની ઘટનાઓ બાદ તેઓ ટીકાકાર હતા, પરંતુ જમીની હકીકત જાણ્યા પછી તેમનો અભિપ્રાય બદલાયો. તેમણે મોદીને અદ્ભુત કાર્ય કરનાર દ્રઢ વ્યક્તિત્વ ગણાવ્યા અને ટ્રિપલ તલાક નાબૂદીના ઐતિહાસિક નિર્ણયને બિરદાવ્યો. આ પ્રસંગે હરદીપ સિંહ પુરીએ ભારતની આર્થિક પ્રગતિ અને વિશ્વની ચોથી મોટી અર્થવ્યવસ્થા બનવા પર પ્રકાશ પાડ્યો હતો.

# કિશ્તવાડમાં સુરક્ષા દળોને મોટી સફળતા: એન્કાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના ટોચનો કમાન્ડરને ઠાર માર્યો

જમ્મુ, તા.૨૨



જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં જૈશ-એ-મોહમ્મદના એક ટોચના કમાન્ડરને ઠાર કરવામાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. કિશ્તવાડના છત્રુ વિસ્તારમાં આવેલા ગાઢ જંગલોમાં આતંકવાદીઓ છુપાયા હોવાની ચોક્કસ બાતમી મળ્યા બાદ ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ, જ્યારે બીજી પેરાશૂટ બટાલિયન સ્પેશિયલ ફોર્સ અને પોલીસની ટીમ જંગલ વિસ્તારમાં તપાસ કરી રહી હતી, ત્યારે આતંકવાદીઓએ અચાનક ગોળીબાર શરૂ કર્યો હતો. વળતા પ્રહારમાં સંગઠનનો મુખ્ય કમાન્ડર માર્યો ગયો હતો. જોકે, આ વિસ્તારનો ભૂપ્રદેશ અત્યંત દુર્ગમ હોવાને કારણે અને ઓપરેશન હજુ પણ ચાલુ હોવાથી, માર્યા ગયેલા આતંકવાદીનો મૃતદેહ હજુ સુધી મેળવી શકાયો નથી. સુરક્ષા દળોએ હાલ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને અન્ય સંભવિત આતંકવાદીઓને પકડવા માટે સઘન સર્ચ ઓપરેશન જારી રાખ્યું છે.

# કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન 'જનરલ ઝેડ' ચળવળથી પ્રેરિત : દિલ્હી પોલીસનો કોર્ટમાં દાવો

નવી દિલ્હી, તા.૨૨

ભારત મંડપમ ખાતે વિરોધ પ્રદર્શન કરનાર યુવા કોંગ્રેસના કાર્યકરોને કોર્ટે પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. પોલીસે મેજિસ્ટ્રેટ સમક્ષ દલીલ કરી હતી કે, આ પ્રદર્શનનો હેતુ આંતરરાષ્ટ્રીય મહાનુભાવોની હાજરીમાં દેશની છબી ખરાબ કરવાનો અને ભારતને બદનામ કરવાનો હતો. આ ચળવળ બાંગ્લાદેશની 'જનરલ ઝેડ' પેટર્નથી પ્રેરિત હોવાનો પોલીસે આક્ષેપ કર્યો છે. ધરપકડ કરાયેલા કાર્યકરોમાં બિહાર, ઉત્તર પ્રદેશ અને તેલંગાણાના યુથ કોંગ્રેસના હોદ્દેદારોનો સમાવેશ થાય છે. પોલીસે કોર્ટને જણાવ્યું કે, આરોપીઓએ રાષ્ટ્ર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને વાંધાજનક ટી-શર્ટ પહેર્યા હતા. તપાસ એજન્સી હવે આ પ્રદર્શન પાછળના કાવતરા, ભંડોળના સ્ત્રોત અને ટી-શર્ટના મૂળની તપાસ કરશે. બીજી તરફ, સંરક્ષણ વકીલે દલીલ કરી હતી કે કાર્યકરો માત્ર શાંતિપૂર્ણ રીતે લોકશાહી અધિકારનો ઉપયોગ કરી રહ્યા હતા.

# ઉનાના ખાપટમાં સ્મશાન અને પાણી નિકાલની જગ્યાએ પ્લોટ અપાતાં ૧૦૦થી વધુ લોકોના પ્રાંત કચેરીએ ઉપવાસ

ઉના,તા.૨૨


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના તાલુકાના ખાપટ ગામમાં મફત પ્લોટની ફાળવણીને લઈને સર્જાયેલો વિવાદ હવે ઉગ્ર બન્યો છે. અનુસૂચિત સમાજને સ્મશાનભૂમિ અને પાણીના વહેણવાળી જગ્યાએ પ્લોટ ફાળવવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે આજે ૧૦૦થી વધુ મહિલા-પુરુષો ઉના પ્રાંત કચેરી ખાતે પ્રતીક ઉપવાસ પર ઉતર્યા છે. ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ સાંસદ અને જિલ્લા કલેક્ટરની હાજરીમાં ૧૯૫ મફત પ્લોટની સનદ એનાયત કરવામાં આવી હતી. જોકે, ગ્રામજનોનો આક્ષેપ છે કે આ પ્રક્રિયામાં ભેદભાવયુક્ત નીતિ અપનાવી અનુસૂચિત સમાજને રહેવા લાયક ન હોય તેવી અયોગ્ય જગ્યાઓ પધરાવી દેવામાં આવી છે. અગાઉ આવેદનપત્ર આપવા છતાં તંત્રએ કોઈ નિરાકરણ ન લાવતા ગ્રામજનોએ આ પ્લોટનો બહિષ્કાર કરી આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. આજે આંદોલનકારીઓ પ્રાંત કચેરીએ પહોંચતા જ સુરક્ષા માટે પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો હતો. પ્રાંત અધિકારી ખાપટ પહોંચતા લોકો રજૂઆત કરવા પહોંચ્યા અને જે જગ્યા પર પ્લોટનો વિવાદ થયો એ સ્થળ પર પોલીસ કાફલો પણ પહોંચ્યો હતો. સ્મશાનની જમીન પર જેસીબી ફરતા સ્થળ પર હાડકા સહિતના અવશેષો બહાર આવતા લોકોમાં રોષની લાગણી જોવા મળી હતી.

# પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાના સરહદી વિસ્તારમાં હુમલો કરતા ૧૬ના મોત

ઈસ્લામાબાદ,તા.૨૨



રવિવારે વહેલી સવારે પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. અલ જઝીરાના અહેવાલ મુજબ, પાકિસ્તાની સેનાએ દાવો કર્યો કે આ કાર્યવાહી દરમિયાન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલા સાત કેમ્પ અને ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. પાકિસ્તાન સરકારે આ કાર્યવાહી તાજેતરના આત્મઘાતી હુમલાઓના જવાબરૂપે કરાયેલ વળતો પ્રહાર ગણાવ્યો છે. સૂચના અને પ્રસારણ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું કે આ ઈન્ટેલિજન્સ આધારિત ઓપરેશન હતું. સરકારના જણાવ્યા અનુસાર, હુમલાઓ અફઘાનિસ્તાનની જમીન પરથી સંચાલિત નેટવર્ક દ્વારા કરવામાં આવ્યા હોવાના પાકા પુરાવા તેમના પાસે ઉપલબ્ધ છે. બીજી તરફ, ટોલોન્યૂઝના અહેવાલ પ્રમાણે, નાંગરહાર પ્રાંતમાં એક રહેણાંક મકાનને નિશાન બનાવાયું હતું. આ હુમલામાં એક જ પરિવારના ૨૩ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હોવાની માહિતી સામે આવી છે, જેમાંથી અત્યાર સુધી માત્ર ચાર લોકોને જ બચાવી શકાયા છે. તદુપરાંત, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ફાઉન્ડેશનના દાવા અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થયા છે, જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે.

# ભારત-પાકિસ્તાન સરહદ નજીક પોલીસ ચેકપોસ્ટમાં બે જવાનોના શંકાસ્પદ મોતથી ખળભળાટ

ગુરદાસપુર, તા.૨૨

પંજાબના ગુરદાસપુરમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર ફરજ બજાવતા પંજાબ પોલીસના બે જવાનોના શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યા છે.

આ ઘટના ગુરદાસપુરના દોરંગલા પોલીસ સ્ટેશન હેઠળની 'આદિયન ચેકપોસ્ટ' પર બની હતી. મૃતકોની ઓળખ આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (ASI) અશોક કુમાર અને હોમગાર્ડ જવાન ગુરનામ સિંહ તરીકે થઈ છે. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. આ ચેકપોસ્ટ ભારત-પાકિસ્તાન સરહદની સુરક્ષા માટે 'સેકન્ડ લાઈન ઓફ ડિફેન્સ' (બીજી સુરક્ષા પંક્તિ) ગણાય છે. અત્યંત સંવેદનશીલ ગણાતા આ વિસ્તારમાં બે સૈનિકોના મૃતદેહ મળી આવતા અનેક સવાલો ઉભા થયા છે. શું આ કોઈ અકસ્માત છે કે આતંકવાદી ષડયંત્ર, તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. હાલ તંત્ર દ્વારા કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ આ ઘટનાથી સરહદી વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# કોડીનારમાં વિનામૂલ્યે ૯મો નેત્ર નિદાન અને આયુર્વેદિક અગ્નિ પંચકર્મ કેમ્પ યોજાયો


તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર, તા.૨૨

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કોડીનાર તથા સ્વ. હરિપ્રસાદ વાસુદેવ નરસિંહ ભટ્ટના સંયુક્ત ઉપક્રમે કોડીનારના બ્રહ્મપુરી ખાતે નવમો નેત્ર નિદાન કેમ્પ તથા આયુર્વેદિક અગ્નિ પંચકર્મ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આંખના ૬૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.

# કોડીનાર ડેપોના એસટી કંડક્ટરની પ્રમાણિકતા, મુસાફરનો બસમાં ભૂલાયેલો મોબાઈલ પરત આપ્યો

કોડીનાર, તા.૨૨



ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના કોડીનાર ડેપોની દીવ–વેરાવળ રૂટની બસમાં ફરજ બજાવતા કંડક્ટરની પ્રમાણિકતાનો એક સરાહનીય દાખલો સામે આવ્યો છે. આ રૂટ પર કેસરિયા તરફથી વેરાવળ જવા નીકળેલા મુસાફર સોલંકી જયંતીભાઈ ભીખાભાઈનો મોબાઈલ ફોન મુસાફરી દરમિયાન બસમાં જ ભૂલાઈ ગયો હતો. બસમાં ફરજ પર હાજર કંડક્ટર મનુભાઈ ચૌહાણને આ મોબાઈલ મળતા તેમણે તાત્કાલિક માલિકની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ માલિકનો સંપર્ક ન થતાં કંડક્ટરે આ મોબાઈલ પોતાના ઉપરી અધિકારીઓને જમા કરાવ્યો હતો. ટ્રાફિક ઓફિસર સુપરવાઈઝર ધર્મેન્દ્રભાઈ નિમાવત અને એટીઆઈ કરસનભાઈ અજીતભાઈની હાજરીમાં આ મોબાઈલ સત્તાવાર રીતે જમા લેવામાં આવ્યો હતો. પોતાનો કિંમતી મોબાઈલ સુરક્ષિત રીતે પરત મળતા જયંતીભાઈએ કંડક્ટર તથા એસટી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિપક વી. નાગ્રેચા,** અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે, અમારા અસીલશ્રીઓ (૧) કૈલાસબેન અશોકભાઈ ગુંદરણીયા નં.(૨) શ્રુતિબેન અશોકભાઈ ગુંદરણીયા નં.(૩) શ્રેયાબેન અશોકભાઈ ગુંદરણીયા તથા નં.(૪) આશ્રયકુમાર અશોકભાઈ ગુંદરણીયાનાઓએ અમો પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદ ચકકરગઢ રોડ રસ્તે આવેલ મકાન મિલ્કત **"રઘુનાથ સોસાયટી"ના રે.સ.નં. ૩૧૯/૩ પૈકી** બીનખેતી થયેલ તે પ્લોટ નં.૧૮ કે જેનુ ક્ષેત્રફળ **ચો.મી-૮૫.૬૫** છે, કે જે અશોકભાઈ માધવજીભાઈ ગુંરણીયાએ રજી. વેચાણ દ.નં.૧૨૩૦ થી તા.૨૩/૦૫/૨૦૦૩ના રોજ પરબતભાઈ ભાદાભાઈ પાસેથી ખરીદેલ હતી ત્યાર બાદ તેમનુ તા.૨૧/૦૭/૨૦૧૩ના રોજ અવસાન થતા તેઓના ઉપરોકત વારસો વારસાઈનાતે માલીક બનેલ છે હાલ ઉપરોકત વારસો નં.૧ જાતે પોતે તથા નં.૨ તથા ૩ના કુલ મુખત્યાર તથા નં.૪ ના સદરહુ મકાન મિલ્કત મોર્ગેજ કરી બેંક સંસ્થામાં બોજો ઉત્પન્ન કરવા માંગે છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક પરબતભાઈ ભાદાભાઈ કાનાણીની વડીલોપાર્જીતની હતી અને વારસાઈ નાતે તેઓના માલિકી હકકે આવેલ અને તેઓના નામેજ બિનખેતીમાં ફેરવાયેલ છે. તે પ્લોટવાળી મકાન મિલ્કત માટે અમારા ઉપરોકત અસીલશ્રીઓ ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો હાલનો વ્યવહારો ઉપરોકત કુલમુખત્યાર દરજજે થવાનો છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૨૨/૦૨/૨૦૨૬.**
**અમરેલી.**
**શોપ નં.૧૧૭, ફસ્ટ ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી.**

**સહિ,**
**દિપક વી. નાગ્રેચા**
એડવોકેટ-અમરેલી.


# ઉનાના સામતેર ગામના આરોગ્ય કેન્દ્રમાં ડોકટરની જગ્યા ભરવા માગણી

ઉના, તા.૨૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ઊનાના સામતેર ગામના આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા દોઢ માસથી એમબીબીએસ ડોક્ટર ન હોવાના કારણે ૧૬ ગામના લોકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. સામતેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને આરોગ્ય કેન્દ્રમાં એમબીબીએસ ડોક્ટર ન હોવાના કારણે ઉના સુધીના ધક્કા થાય છે અને ખાનગીમાં દવાખાનામાં મોંઘા ભાવની સારવાર ના છૂટકે લેવા મજબૂર બનવું પડે છે. આ આરોગ્ય કેન્દ્ર ગરીબ લોકો માટે આશીર્વાદ સમાન ગણાતું હોય અને અહીં ડોક્ટરનો અભાવ હોવાના કારણે લોકો સારવાર લેવા આવે અને ડોક્ટર જ ન હોય ત્યારે લોકો નિરાશ થાય અને ખાનગી દવાખાનાનો આશરો લે છે. સરકાર દ્વારા લાખો રૂપિયાનો ખર્ચો દવામાં અને દવાખાનાઓમાં કરે છે પણ ડોક્ટર જ ન હોવાથી લોકોમાંથી રોષ જોવા મળ્યો હતો. આ ઉપરાંત ડીઝલના અભાવે એમ્બ્યુલન્સ ઘણા સમયથી પડેલી હોય તેને તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે તેવી આજુબાજુના ગ્રામજનોની માંગણી ઉઠી છે. કહેવાય છે કે, ગ્રાન્ટ ન હોવાના કારણે અધિકારીઓ પોતાના પૈસાનું રોકાણ કરીને એમ્બ્યુલન્સમાં ડીઝલ નાખતા હોય છે, પણ હાલ એમબીબીએસ ડોક્ટર જ નથી તો પૈસા કોઈ અધિકારી રોકતા ન હોવાથી આ એમ્બ્યુલન્સ શોભાના ગાંઠિયા સમાન છે.

# ગોંડલમાં સેવાકર્મીઓ દ્વારા હોસ્પિટલમાં દૂધ અને ઘોડીયાની વ્યવસ્થા

ગોંડલ,તા.૨૨

ગોંડલમાં સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મહિલા નશબંધી કરાવવાનો સમય હોય મહિલાઓ સાથે નાના બાળકો અને નવજાત શિશુ સાથે આવેલી અન્ય મહિલાઓના બાળકો રડતાં હોય ત્યારે હોસ્પિટલમાં ઘોડીયા અને દુધની વ્યવસ્થા ન હોવાથી સેવાકીય પ્રવૃતિઓ કરતાં દિનેશભાઈ માધડના ધ્યાન ઉપર આવતા કાયમી ધોરણે મચ્છરદાની વાળા ઘોડીયા તેમજ દુધ તથા બોટલની વ્યવસ્થા ઊભી કરી છે.

### ઘાયલોને સાવરકુંડલા હોસ્પિટલ અને અમરેલી રીફર કરવામાં આવ્યા

# સા.કુંડલાના ભુવા ગામ પાસે બે કાર વચ્ચે અકસ્માત: એક યુવકનું મોત, ૧૦ ઘાયલ

અમરેલી, તા.૨૨

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામ નજીક ૨૨ ફેબ્રુઆરી બે કાર વચ્ચે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં એક આશાસ્પદ યુવકે જીવ ગુમાવ્યો છે. આ દુર્ઘટનામાં અન્ય ૧૦ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી એક કાર સિહોર તરફથી આવી રહી હતી, જ્યારે બીજી કાર ગોપાલગ્રામથી જૂના સાવર ખાતે લગ્નપ્રસંગમાં જઈ રહી હતી. દુર્ભાગ્યવશ, લગ્નના મંડપે પહોંચે તે પહેલાં જ ભુવા ગામ પાસે બંને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને


તસવીર : સૌરભ દોશી

વાહનોના ફુરચા ઉડી ગયા હતા. આ કરુણ ઘટનામાં આદસંગ ગામના કુલદીપભાઈ ચંપુભાઈ ખુમાણ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી ગંભીર હાલત ધરાવતા દર્દીઓને વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવ્યા છે. અકસ્માત બાદ તરત જ આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ અને અન્ય અગ્રણીઓ પણ તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને સમયસર મદદ મળી રહે તે માટે વ્યવસ્થા કરી હતી.સાવરકુંડલા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિક હળવો કરાવ્યો હતો અને અકસ્માત અંગે કાયદેસરનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે આદસંગ ગામ અને લગ્નપ્રસંગ વાળા પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

**ઈજાગ્રસ્તોના નામ :**

આરાધના હરપાલસિંહ ચુડાસમા, શિવમ હરપાલસિંહ ચુડાસમા, ધનેશ્રી ગીરીશભાઈ ત્રિવેદી, ભાગ્યશ્રીબેન ચંપુભાઈ ખુમાણ, કનુભાઈ જીવાભાઈ જેબલિયા, રેખાબેન ચંપુભાઈ ખુમાણ, ગીતાબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી,વૈશાલીબેન સહિત અન્યનો સમાવેશ થાય છે.

## રાજકોટ ગ્રામ્ય પોલીસનું આંકડીયામાં મેગા કોમ્બિંગ: ૧૭ ગુનેગારોના ઘરેથી રૂ.૨૧ લાખની વીજચોરી ઝડપાઈ

રાજકોટ, તા.૨૨

રાજકોટ ગ્રામ્ય પોલીસ અને પીજીવીસીએલ દ્વારા સંયુક્ત રીતે વિંછીયા તાલુકાના આંકડીયા ગામમાં મોટું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી અને ક્યુઆરટી સહિતના કાફલાએ હત્યા અને મારામારી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ૧૭ રીઢા આરોપીઓના ઘરોમાં સઘન તપાસ કરી હતી. આ કોમ્બિંગ દરમિયાન ૩૩ ગેરકાયદેસર વીજ જોડાણો ઝડપાયા હતા, જેને તાત્કાલિક કાપી નાખવામાં આવ્યા હતા. પોલીસે આશરે ૧૦,૦૦૦ મીટર વીજ કેબલ જપ્ત કર્યો છે અને પીજીવીસીએલ દ્વારા વીજ ચોરો પર રૂ. ૨૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત, પોલીસે ૭ ગેરકાયદેસર વાહનો પણ ડિટેન કર્યા છે. પોલીસની આ કડક કાર્યવાહીથી ગુનેગારો અને વીજ ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ગાંધીધામમાં પ્રેમ સંબંધનો લોહિયાળ અંત: હોટેલમાં પ્રેમીના હાથે પ્રેમિકાની હત્યા

**પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પ્રેમીની ધરપકડ કરી**

ગાંધીધામ,તા.૨૨

કચ્છના ગાંધીધામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ખન્ના માર્કેટ વિસ્તારની એક હોટેલમાં શનિવારે (૨૧ ફેબ્રુઆરી) પ્રેમીએ પોતાની પ્રેમિકાની ગળેટૂંપો આપી હત્યા કરી નાખી. મૃતક યુવતીનું નામ ભાવના લોંચા હતું, જે બે લગ્ન બાદ એકાકી જીવન જીવતી હતી. આરોપી દિલીપ રાઠોડ પણ તેની પત્નીથી અલગ રહેતો હતો અને બંને વચ્ચે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો.ઘટનાની વિગતો મુજબ, હોટેલના રૂમમાં રોકાયા બાદ દિલીપ એકલો બહાર નીકળી ગયો હતો. સ્ટાફને તપાસ દરમિયાન ભાવનાનો




મૃતદેહ મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળું દબાવવાથી મોત થયું હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસ પૂછપરછમાં દિલીપે કબૂલાત કરી કે તેને ભાવના અન્ય પુરુષો સાથે સંબંધ ધરાવતી હોવાની શંકા હતી. આ બાબતે થયેલા ઉગ્ર ઝઘડામાં તેણે ઉશ્કેરાઈને ભાવનાની હત્યા કરી દીધી. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફેબ્રુઆરીમાં જ રાજયમાં ગરમીમાં વધારો, અનેક જિલ્લાઓમાં તાપમાન ૩૨ ડિગ્રીને પાર


અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં આ વર્ષે કાતિલ ઠંડીની અપેક્ષા વચ્ચે શિયાળો સામાન્ય કરતાં નરમ રહ્યો છે. રાજ્યમાં અત્યારે મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, જેમાં દિવસે ગરમી અને રાત્રે હળવી ઠંડી લાગે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગરમ પવનોને કારણે તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. તાજેતરના આંકડા મુજબ, રાજકોટમાં ૩૬ ડિગ્રી સાથે સૌથી વધુ ગરમી નોંધાઈ છે. આ ઉપરાંત મહુવા ૩૫.૬, સુરેન્દ્રનગર ૩૫.૫, અને વડોદરામાં ૩૫.૪ ડિગ્રી તાપમાન રહ્યું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ પારો ૩૪ ડિગ્રીની આસપાસ રહ્યો છે. લઘુત્તમ તાપમાન ઊંચું રહેતા રાત્રિની ઠંડીમાં પણ ઘટાડો થયો છે. હવામાન નિષ્ણાતોની આગાહી મુજબ, ફેબ્રુઆરીના અંત સુધીમાં ઠંડી સંપૂર્ણ વિદાય લેશે અને વહેલી ગરમીનો પ્રકોપ શરૂ થઈ શકે છે.

# રાજયમાં કમોસમી વરસાદની આશંકા : આગામી ૭૨ કલાકમાં હવામાન પલટાવાની આગાહી

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૪૮ થી ૭૨ કલાકમાં રાજ્યના વાતાવરણમાં મોટા ફેરફારની આગાહી કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષેપ) સક્રિય થવાને કારણે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને પંચમહાલ સહિત



કચ્છના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન દેશના ૧૨ રાજ્યોમાં હવામાન બગડી શકે છે. હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા, જ્યારે મેદાની વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કરાયું છે. ગુજરાતમાં ૨૭ ફેબ્રુઆરી અને ૧૫ માર્ચ આસપાસ ફરી એકવાર પશ્ચિમી વિક્ષેપની અસર જોવા મળી શકે છે. બીજી તરફ, રાજસ્થાન અને કાશ્મીરમાં તાપમાન સામાન્ય કરતા ૧૦ ડિગ્રી વધુ નોંધાતા વહેલા ઉનાળાનો સંકેત મળી રહ્યો છે.

# હોળીના પર્વમાં વતન જવા માટે સુરતના રેલ્વે સ્ટેશન પર મુસાફરોની લાંબી કતારો લાગી

સુરત, તા.૨૨

હોળીનો તહેવાર નજીક આવતા જ સુરતના ઉધના અને મુખ્ય રેલવે સ્ટેશન પર પરપ્રાંતીય મજૂરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડ જવા માટે હજારો મુસાફરો ટ્રેનના સમયના ૧૨ થી ૧૪ કલાક પહેલા સ્ટેશન પહોંચી લાઈનમાં ઉભા રહી રહ્યા છે. જનરલ કોચમાં જગ્યા મેળવવા માટે મુસાફરોએ



ભીષણ ગરમી અને અંધાધૂંધી વચ્ચે ભારે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ઘણા મુસાફરોએ ફરિયાદ કરી છે કે મહિનાઓ અગાઉ રિઝર્વેશન કરાવવા છતાં કન્ફર્મ ટિકિટ ન મળતા તેમને જનરલ કોચનો આશરો લેવો પડ્યો છે. પ્લેટફોર્મ અને વેઈટિંગ એરિયા મુસાફરોથી ઉભરાઈ રહ્યા છે, જેમાં બાળકો અને વૃદ્ધોની હાલત સૌથી વધુ કફોડી બની છે. રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી હોવા છતાં, લાખોની સંખ્યા સામે આ વ્યવસ્થા અપૂરતી સાબિત થઈ રહી છે. દર વર્ષે તહેવારોમાં સર્જાતી આ પરિસ્થિતિ રેલવે તંત્રની કાયમી ઉકેલ લાવવાની નિષ્ફળતા સામે પ્રશ્નો ઉભા કરે છે.

# અમદાવાદના બહેરામપુરામાં ૧૯ વર્ષીય યુવાનની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા

અમદાવાદ, તા.૨૨

અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં શનિવારે રાત્રે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ઘટના સામે આવી છે. ૧૯ વર્ષીય હિમેશ પરમાર નામના યુવાન પર કેટલાક અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી, છરીના આડેધડ ઘા ઝીંકી તેની હત્યા કરી નાખી હતી. હુમલા બાદ હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા, જ્યારે ગંભીર ઈજાઓને કારણે હિમેશનું સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું. કાગડાપીઠ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને અજાણ્યા



શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસના ચક્રો તેજ કર્યા છે. પ્રાથમિક તપાસમાં આ હત્યા પાછળ અંગત અદાવત હોવાની શંકા સેવવામાં આવી રહી છે. ભરે બજારે થયેલી આ હત્યાથી સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે.

## ત્રણ ફરિયાદ બાદ યુટ્યુબર કિર્તી પટેલને રાજસ્થાનથી દબોચતી જૂનાગઢ પોલીસ

જૂનાગઢ,તા.૨૨

જૂનાગઢ પોલીસ દ્વારા કીર્તિ પટેલની રાજસ્થાનમાંથી ધરપકડ કરવામાં આવી છે અને તેને ગુજરાત લાવવા માટે ટીમ રવાના થઈ છે. છેલ્લા સાત દિવસમાં તેની સામે ત્રણ અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.૧૬ ફેબ્રુઆરીએ જુનાગઢ ખાતે શિવરાત્રિના મેળામાં મહિલા PI કે.જે. મોડ દ્વારા ધમકી, શાંતિભંગ અને ફરજમાં રૂકાવટ બાબતે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ નિરાલી ખોડિયાર



ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર સ્વામી બજરંગદાસ ઉદાસીન બાપુએ ધાર્મિક પરંપરાના ભંગ અંગે ફરિયાદ કરી હતી. ૨૧ ફેબ્રુઆરીએ અબજલ સીડાએ ત્રાસથી કંટાળી ફિનાઈલ પી લેવાની ઘટના અંગે ફરિયાદ નોંધાવી હતી.

## કોમનવેલ્થ ૨૦૩૦ : અમદાવાદમાં ટ્રાફિક ઘટાડવા માસ્ટર પ્લાન, શહેરમાં લક્ઝરી-ST બસોની એન્ટ્રી પર પ્રતિબંધ

અમદાવાદ, તા.૨૨

વર્ષ ૨૦૩૦ માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને અમદાવાદના ટ્રાફિક આયોજનમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. શહેરના મુખ્ય માર્ગો પર ભારણ ઘટાડવા માટે હવે ખાનગી લક્ઝરી અને એસટી બસોને શહેરની અંદર પ્રવેશ નહીં મળે. આ બસો માત્ર એસ.જી. હાઈવે અને એસ.પી. રિંગ રોડ સુધી જ સીમિત રહેશે, જ્યાંથી મુસાફરોએ મેટ્રો, AMTS કે BRTS નો ઉપયોગ કરવો પડશે. રિવરફ્રન્ટ ખાતે આયોજિત 'અમદાવાદનેક્સ્ટ' એક્ઝિબિશનમાં મંત્રી દર્શનાબેન વાઘેલા અને મેયર પ્રતિભા જૈને



જણાવ્યું કે, શહેરને 'નેટ ઝીરા' લક્ષ્યાંક તરફ લઈ જવા ૩૦૦૦ ઈ-બસો દોડાવવાનું આયોજન છે. એરપોર્ટ અને ગિફ્ટ સિટીને જોડતી નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ પણ તૈયાર છે. ૨૦૩૦ની કોમનવેલ્થ અને ૨૦૩૬ની ઓલિમ્પિક માટે શહેરને આંતરરાષ્ટ્રીય સ્તરની મોબિલિટી સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યું છે.







